# Ashtavakra Gita Gujarati Translation

# શ્રીમત્ અષ્ટાવક્રગીતાનો ગુજરાતી અનુવાદ

## Document Information

Text title : Ashtavakra Gita Gujarati Translation 21 प्रकरण 303 श्लोक

File name : AshtavakraGitaGuj.tex

Category : gujarati

Location : gujarati

Author : Ashtavakra

Translated by : Shri Rajanikant Modi

Transliterated by : Daksha

Proofread by : Daksha

Latest update : September 13, 2019

Send corrections to : sanskrit@cheerful.com

This text is prepared by volunteers and is to be used for personal study and research. The file is not to be copied or reposted without permission, for promotion of any website or individuals or for commercial purpose.

**Please help to maintain respect for volunteer spirit.**

September 18, 2019

*sanskritdocuments.org*

# શ્રીમત્ અષ્ટાવક્રગીતાનો ગુજરાતી અનુવાદ

ભાષાંતરકર્તા

શ્રીરજનીકાંત મોદી,

સસ્તું સાહિત્ય પ્રકાશન

Proofread by Daksha

Ashtavakra Gita Gujarati Translation

# શ્રીમત્ અષ્ટાવક્રગીતાનો ગુજરાતી અનુવાદ

## અષ્ટાવક્રગીતાપ્રકરણાનુક્રમણિકા


| | | | | |
|---|---|---|---|---|
| प्रकरण १ | गुरूपदेशप्रकरण | પ્રકરણ ૧ | ગુરૂપદેશપ્રકરણ | 3 |
| प्रकरण २ | शिष्यानुभवप्रकरण | પ્રકરણ ૨ | શિષ્યાનુભવપ્રકરણ | 7 |
| प्रकरण ३ | आक्षेपोपदेशप्रकरण | પ્રકરણ ૩ | આક્ષેપોપદેશપ્રકરણ | 11 |
| प्रकरण ४ | पुनःशिष्यानुभवप्रकरण | પ્રકરણ ૪ | પુનઃશિષ્યાનુભવપ્રકરણ | 14 |
| प्रकरण ५ | लयोपदेशप्रकरण | પ્રકરણ ૫ | લયોપદેશપ્રકરણ | 15 |
| प्रकरण ६ | पुनः गुरूपदेशप्रकरण | પ્રકરણ ૬ | પુનઃ ગુરૂપદેશપ્રકરણ | 16 |
| प्रकरण ७ | शिष्यानुभवप्रकरण | પ્રકરણ ૭ | શિષ્યાનુભવપ્રકરણ | 17 |
| प्रकरण ८ | बन्धमोक्षप्रकरण | પ્રકરણ ૮ | બન્ધમોક્ષપ્રકરણ | 18 |
| प्रकरण ९ | निर्वेदप्रकरण | પ્રકરણ ૯ | નિર્વેદપ્રકરણ | 19 |
| प्रकरण १० | उपशमप्रकरण | પ્રકરણ ૧૦ | ઉપશમપ્રકરણ | 20 |
| प्रकरण ११ | ज्ञानाष्टकप्रकरण | પ્રકરણ ૧૧ | જ્ઞાનાષ્ટકપ્રકરણ | 22 |
| प्रकरण १२ | एवमेवाष्टकप्रकरण | પ્રકરણ ૧૨ | એવમેવાષ્ટકપ્રકરણ | 23 |
| प्रकरण १३ | यथासुखप्रकरण | પ્રકરણ ૧૩ | યથાસુખપ્રકરણ | 25 |
| प्रकरण १४ | शान्तिचतुष्कप्रकरण | પ્રકરણ ૧૪ | શાન્તિચતુષ્કપ્રકરણ | 26 |
| प्रकरण १५ | तत्त्वोपदेशप्रकरण | પ્રકરણ ૧૫ | તત્ત્વોપદેશપ્રકરણ | 27 |
| प्रकरण १६ | विशेषज्ञानोपदेशप्रकरण | પ્રકરણ ૧૬ | વિશેષજ્ઞાનોપદેશપ્રકરણ | 30 |
| प्रकरण १७ | तत्वस्वरूपप्रकरण | પ્રકરણ ૧૭ | તત્વસ્વરૂપપ્રકરણ | 33 |
| प्रकरण १८ | शमप्रकरण | પ્રકરણ ૧૮ | શમપ્રકરણ | 36 |
| प्रकरण १९ | आत्मविश्रान्तिप्रकरण | પ્રકરણ ૧૯ | આત્મવિશ્રાન્તિપ્રકરણ | 53 |
| प्रकरण २० | जीवन्मुक्तिप्रकरण | પ્રકરણ ૨૦ | જીવન્મુક્તિપ્રકરણ | 54 |
| प्रकरण २१ | सङ्ख्याक्रमविज्ञानप्रकरण | પ્રકરણ ૨૧ | સઙ્ખ્યાક્રમવિજ્ઞાનપ્રકરણ | 57 |

# શ્રીમત્ અષ્ટાવક્રગીતાનો ગુજરાતી અનુવાદ

ભાષાંતરકર્તા - શ્રીરજનીકાંત મોદી

## अथ श्रीमदष्टावक्रगीता प्रारभ्यते ॥
શ્રીમત્ અષ્ટાવક્રગીતાનો ગુજરાતી અનુવાદ પ્રારંભ

### પ્રકરણ ૧ - ગુરૂપદેશપ્રકરણ

जनक उवाच ॥
कथं ज्ञानमवाप्नोति कथं मुक्तिर्भविष्यति ।
वैराग्यं च कथं प्राप्तं एतद् ब्रूहि मम प्रभो ॥ १-१॥

જનક (અષ્ટાવક્ર મુનિને) કહે છે. ભગવન્! (મનુષ્ય) આત્મજ્ઞાનને કેવી રીતે મેળવે છે, (તેની) મુક્તિ કેવી રીતે થાય છે અને વૈરાગ્ય કેવી રીતે પ્રાપ્ત થાય છે, તે મને કહો. ૧

अष्टावक्र उवाच ॥
मुक्तिं इच्छसि चेत्तात विषयान् विषवत्त्यज ।
क्षमार्जवदयातोषसत्यं पीयूषवद् भज ॥ १-२॥

અષ્ટાવક્ર મુનિ કહે છે: પ્રિય (રાજન્)! જો (તું) મુક્તિને ઇચ્છતો હોય તો (ઇન્દ્રિયોના) વિષયોને વિષની જેમ છોડી દે (અને) ક્ષમા, સરળતા, દયા, સંતોષ અને સત્યનું અમૃતની જેમ સેવન કર. ૨

न पृथ्वी न जलं नाग्निर्न वायुर्द्यौर्न वा भवान् ।
एषां साक्षिणमात्मानं चिद्रूपं विद्धि मुक्तये ॥ १-३॥

તુ પૃથ્વી નથી, જળ નથી, અગ્નિ નથી, વાયુ નથી
તેમ જ આકાશ પણ નથી. મુક્તિને માટે આ બધાના સાક્ષી-
રૂપે રહેલા ચિદ્રૂપ આત્માને જાણ (અથવા, બધાના સાક્ષીરૂપે
રહેલા ચિદ્રૂપને પોતાના આત્મા તરીકે જાણ.) ૩

यदि देहं पृथक् कृत्य चिति विश्राम्य तिष्ठसि ।
अधुनैव सुखी शान्तो बन्धमुक्तो भविष्यसि ॥ १-४॥

જો (તું) દેહને આત્માથી છૂટો પાડીને ચિદ્રૂપમાં
થઈને રહેશે (તો) હમણાં જ તું સુખી, શાંત અને બંધથી બનીશ. ૪

न त्वं विप्रादिको वर्णो नाश्रमी नाक्षगोचरः ।
असङ्गोऽसि निराकारो विश्वसाक्षी सुखी भव ॥ १-५॥

તું વિપ્ર અર્થાત્ બ્રાહ્મણાદિ વર્ણ નથી, (બ્રહ્મચર્ય આદિ)
આશ્રમી પણ નથી, અને તું ઇંદ્રિયગોચર- ઇન્દ્રિયોથી પમાય
એવો નથી. તું તો અસંગ, નિરાકાર અને (આખા) વિશ્વનો
છે. (એમ વિચારીને) તું સુખી થા. ૫

धर्माधर्मौ सुखं दुःखं मानसानि न ते विभो ।
न कर्तासि न भोक्तासि मुक्त एवासि सर्वदा ॥ १-६॥

રાજન્! ધર્મ અને અધર્મ, તેમજ સુખ અને દુઃખ,
તો મનને તારે છે અને નહિ કે તને. તું કર્તા નથી તેમ જ
ભોક્તા પણ નથી પણ હંમેશ મુકત જ છે. ૬

एको द्रष्टासि सर्वस्य मुक्तप्रायोऽसि सर्वदा ।
अयमेव हि ते बन्धो द्रष्टारं पश्यसीतरम् ॥ १-७॥

તું સર્વનો એક દ્રષ્ટા છે અને નિરંતર અત્યંત મુક્ત છે.
તું જે બીજાને દ્રષ્ટા તરીકે જુએ છે, તે જ તારા બંધનું કારણ છે. ૭

अहं कर्तेत्यहंमानमहाकृष्णाहिदंशितः ।
नाहं कर्तेति विश्वासामृतं पीत्वा सुखी भव ॥ १-८॥

"હું કર્તા છું" એવા અહંભાવરૂપી મોટા કાળા સાપ વડે દંશિત
થયેલો તું "હું કર્તા નથી" એવા વિશ્વાસરૂપી અમૃતને પી જા. ૮

एको विशुद्धबोधोऽहं इति निश्चयवह्निना ।

प्रज्वाल्याज्ञानगहनं वीतशोकः सुखी भव ॥ १-९॥

"હું એક અને વિશુદ્ધ જ્ઞાનરૂપ છું", એવા નિશ્ચયરૂપી
અગ્નિ વડે અજ્ઞાનરૂપ ગહન વનને સળગાવી દઈ તું શોકરહિત
બનીને સુખી થા. ૯

यत्र विश्वमिदं भाति कल्पितं रज्जुसर्पवत् ।
आनन्दपरमानन्दः स बोधस्त्वं सुखं भव ॥ १-१०॥

જેમાં આ કલ્પિત વિશ્વ દોરડામાં સર્પની જેમ ભાસમાન
થાય છે તે આનંદના પરમ અવધિરૂપ જ્ઞાન તું જ છે,
(માટે) સુખપૂર્વક વિહાર કર. ૧૦

मुक्ताभिमानी मुक्तो हि बद्धो बद्धाभिमान्यपि ।
किंवदन्तीह सत्येयं या मतिः सा गतिर्भवेत् ॥ १-११॥

જે પોતાને મુકત માને છે તે મુકત છે, અને જે
પોતાને બંધાયેલો માને છે તે બંધાયેલો છે; કારણ કે અહીં (આ
જગતમાં) આ લોકવાદ સાચો છે કે જેવી મતિ તેવી ગતિ થાય છે. ૧૧

आत्मा साक्षी विभुः पूर्ण एको मुक्तश्चिदक्रियः ।
असंगो निःस्पृहः शान्तो भ्रमात्संसारवानिव ॥ १-१२॥

આત્મા સાક્ષી, વ્યાપક, પૂર્ણ. એક, મુકત, ચૈતન્યસ્વરૂપ,
અક્રિય, અસંગ, નિઃસ્પૃહ અને શાંત છે (પરંતુ) ભ્રમને કારણે
સંસારવાળો હોય તેમ ભાસે છે. ૧૨

कूटस्थं बोधमद्वैतमात्मानं परिभावय ।
आभासोऽहं भ्रमं मुक्त्वा भावं बाह्यमथान्तरम् ॥ १-१३॥

"હું" આભાસાત્મક છું" એવા ભ્રમને અને બાહ્ય તેમ
જ અંદરના ભાવને છોડી દઈ ને કૂટસ્થ અર્થાત્ પર્વતના જેવા
અચલ, બોધરૂપ, અદ્વૈતરુપ આત્માનો વિચાર કર. ૧૩

देहाभिमानपाशेन चिरं बद्धोऽसि पुत्रक ।
बोधोऽहं ज्ञानखङ्गेन तन्निकृत्य सुखी भव ॥ १-१४॥

હે પુત્ર. દેહાધ્યાસરૂપ બંધન વડે લાંબા કાળથી તું બંધાયો છે.
તે પાશને "હું જ્ઞાનરૂપ છું" : એવા જ્ઞાનરૂપ ખડ્ગ વડે છેદી

નાખી સુખી થા. ૧૪

निःसंगो निष्क्रियोऽसि त्वं स्वप्रकाशो निरंजनः ।
अयमेव हि ते बन्धः समाधिमनुतिष्ठति ॥ १-१५॥

તું અસંગ, અક્રિય, સ્વયંપ્રકાશ અને નિર્દોષ છે. જે
તું સમાધિ કરી રહ્યો છે તે જ તારું બંધન છે. ૧૫

त्वया व्याप्तमिदं विश्वं त्वयि प्रोतं यथार्थतः ।
शुद्धबुद्धस्वरूपस्त्वं मा गमः क्षुद्रचित्तताम् ॥ १-१६॥

તારા વડે આ વિશ્વ વ્યાપ્ત થયેલું છે અને તારામાં જ તે
વણાયેલું છે. ખરું જોતાં તું શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે, (માટે)
ક્ષુદ્ર ચિત્તવૃત્તિને વશ થા મા. ૧૬

निरपेक्षो निर्विकारो निर्भरः शीतलाशयः ।
अगाधबुद्धिरक्षुब्धो भव चिन्मात्रवासनः ॥ १-१७॥

(તું) કશાની પણ ઇચ્છા વિનાનો, વિકારરહિત, ચિંતા-
રહિત (निर् +भर = ભાર વિનાનો), શાંત અંતઃકરણવાળો, ઊંડી
બુદ્ધિવાળો, ક્ષોભરહિત અને માત્ર ચૈતન્યમાં જ **નિષ્ઠા રાખનારો** થા.૧૭

साकारमनृतं विद्धि निराकारं तु निश्चलम् ।
एतत्तत्त्वोपदेशेन न पुनर्भवसम्भवः ॥ १-१८॥

(તું શરીરાદિક) સાકાર વસ્તુઓ)ને ખોટી માન અને
નિરાકારને નિશ્ચલ અર્થાત્ નિત્ય માન. આ તત્વના (અર્થાત્
નિરાકાર તત્ત્વના) ઉપદેશથી ફરી સંસારમાં) જન્મવાનો સંભવ
રહેતો નથી. ૧૮

यथैवादर्शमध्यस्थे रूपेऽन्तः परितस्तु सः ।
तथैवाऽस्मिन् शरीरेऽन्तः परितः परमेश्वरः ॥ १-१९॥

જેવી રીતે આરસાની મધ્યમાં (પ્રતિબિંબિત બનેલા)
રૂપની અંદર તેમ જ (બહાર) ચારે બાજુએ માત્ર એ
(આરસો) જ રહેલો છે (અને તેના સિવાય તેનાથી જુદું બીજું
કાંઇ નથી), તેવી રીતે આ શરીરમાં પણ અંદર તેમ જ (બહાર)
ચારે બાજુએ એક માત્ર પરમેશ્વર જ અર્થાત્ ચૈતન્ય જ રહેલું
છે (અને તેના સિવાય તેનાથી જુદું બીજું કાંઇ જ નથી.) ૧૯

एकं सर्वगतं व्योम बहिरन्तर्यथा घटे ।
नित्यं निरन्तरं ब्रह्म सर्वभूतगणे तथा ॥ १-२०॥

જેવી રીતે ઘડામાં બહાર તેમ જ અંદર એક અને સર્વવ્યાપક આકાશ રહેલું છે, તેવી રીતે સમસ્ત ભૂતગણોમાં (અંદર તેમ જ બહાર) નિત્ય, અવિનાશી બ્રહ્મ રહેલું છે. ૨૦

## પ્રકરણ ૨ - શિષ્યાનુભવપ્રકરણ

जनक उवाच ॥
अहो निरंजनः शान्तो बोधोऽहं प्रकृतेः परः ।
एतावन्तमहं कालं मोहेनैव विडम्बितः ॥ २-१॥

જનક કહે છે: "હું" નિર્દોષ, શાંત, બોધરૂપ અને પ્રકૃતિથી પર છું. અહો ! (આશ્ચર્યની વાત છે કે) આટલા સમય સુધી મોહ વડે ઠગાયો છું. ૧

यथा प्रकाशयाम्येको देहमेनं तथा जगत् ।
अतो मम जगत्सर्वमथवा न च किंचन ॥ २-२॥

જેવી રીતે આ દેહને એક માત્ર "હું" છું જ પ્રકાશમાન કરું છું, તેવી રીતે જગતને પણ "હું" જ પ્રકાશમાન કરુ છું. આથી સમસ્ત જગત જ મારું છે અથવા કાંઈ પણ મારું નથી.૨

स शरीरमहो विश्वं परित्यज्य मयाधुना ।
कुतश्चित् कौशलाद् एव परमात्मा विलोक्यते ॥ २-३॥

અહો! (આશ્ચર્યની વાત છે કે) શરીર સહિત વિશ્વનો ત્યાગ કરીને અર્થાત્ પોતાથી જુદું સમજીને કોઈ રીતે કુશળતા અર્થાત્ યુક્તિ-પ્રયુક્તિથી હવે મારા વડે પરમાત્મા જોવાય છે. (અર્થાત્ વિશ્વ પરમાત્માથી જુદું ન હોવા છતાં પહેલાં તેને સત્યવત્ ગણ્યુ, પરંતુ, હવે જ્ઞાન થવાથી યુક્તિ-પ્રયુક્તિ, ઉપદેશ, ઈત્યાદિ વડે તેનું મિથ્યાત્વ પ્રતીત થઈ પરમાત્માનું દર્શન મને થાય છે.) 3

यथा न तोयतो भिन्नास्तरंगाः फेनबुद्बुदाः ।

आत्मनो न तथा भिन्नं विश्वमात्मविनिर्गतम् ॥ २-४॥

જેમ (પાણીથી ઉત્પન્ન ગયેલા) તરંગો, ફીણ અને
પોટા પાણીથી ભિન્ન નથી, તેમ આત્મામાંથી બહાર નીકલેવું
વિશ્વ આત્માથી ભિન્ન નથી. ૪

तन्तुमात्रो भवेद् एव पटो यद्वद् विचारितः ।
आत्मतन्मात्रमेवेदं तद्वद् विश्वं विचारितम् ॥ २-५॥

જેમ વિચાર કરતાં જણાય છે કે કપડું તાંતણારૂપ જ
(અર્થાત્ તાંતણાથી કપડાનું અસ્તિતત્વ ભિન્ન નથી), તેમ વિચાર
કરતાં જણાય છે કે આ વિશ્વ આત્માનો જ અંશ છે (અર્થાત્
ભિન્ન નથી. ૫

यथैवेक्षुरसे क्लृप्ता तेन व्याप्तैव शर्करा ।
तथा विश्वं मयि क्लृप्तं मया व्याप्तं निरन्तरम् ॥ २-६ ॥

જેમ શેરડીના રસમાં કલ્પાયેલી (અર્થાત્ બનાવેલી)
સાકર તેના (શેરડીના રસ) વડે જે વ્યાપ્ત હોય છે તેમ "અહં" માં
કલ્પાયેલું વિશ્વ "અહં" વડે વ્યાપ્ત રહે છે. ૬

आत्मज्ञानाज्जगद् भाति आत्मज्ञानान्न भासते ।
रज्ज्वज्ञानादहिर्भाति तज्ज्ञानाद् भासते न हि ॥ २-७॥

આત્માના (સ્વરૂપના) અજ્ઞાનને લઈને જ જગત ભાસ-
માન થાય છે .પરંતુ આત્મજ્ઞાન થતાં ભાસતું નથી. દોરડાના
અજ્ઞાનથી જ સર્પની ભાંતિ થાય છે. પરંતુ તેનું (અર્થાત્ દોરડા-
નું) જ્ઞાન થતાં (સર્પ) ભાસને નથી. ૭

प्रकाशो मे निजं रूपं नातिरिक्तोऽस्म्यहं ततः ।
यदा प्रकाशते विश्वं तदाहं भास एव हि ॥ २-८॥

પ્રકાશ એજ મારું પોતાનું સ્વરૂપ છે, તેનાથી અતિરિકત
(અ્થાત જુદો) "હું" છું જ નહિં. જયારે વિશ્વ પ્રકાશે છે (અર્થાત્
ભાસમાન થાય છે,) ત્યારે પણ તે "અહં" (અર્થાત્ "હું") નો જ
ભાસ છે. (એટલે કે "અહં" જ વિશ્વરૂપે ભાસે છે.) ૮

अहो विकल्पितं विश्वमज्ञानान्मयि भासते ।
रूप्यं शुक्तौ फणी रज्जौ वारि सूर्यकरे यथा ॥ २-९॥

જેમ અજ્ઞાનથી કલ્પાયેલું રૂપું છીપમાં ભાસે છે, સર્પ દોરડામાં ભાસે છે (અને મૃગ)જળ સૂર્યનાં કિરણીમાં ભાસે છે, તેમ અરે! અજ્ઞાનથી (જ) કલ્પાયેલું વિશ્વ મારામાં (અર્થાત્, "હું" માં) ભાસે છે. ૯

मत्तो विनिर्गतं विश्वं मय्येव लयमेष्यति ।
मृदि कुम्भो जले वीचिः कनके कटकं यथा ॥ २-१०॥

જેમ (માટીમાંથી થયેલો) ઘડો માટીમાં, (પાણીમાંથી ઉપજેલો) તરંગ પાણીમાં, અને (સોનામાંથી બનેલું) કડું સોનામાં લય પામે છે, તેમ મારા (અર્થાત્ "અહં") માંથી ઉદ્ભવ પામેલું વિશ્વ મારામાં (અર્થાત્ "અહં" માં) જ લય પામશે. ૧૦

अहो अहं नमो मह्यं विनाशो यस्य नास्ति मे ।
ब्रह्मादिस्तम्बपर्यन्तं जगन्नाशोऽपि तिष्ठतः ॥ २-११॥

બ્રહ્માથી માંડીને. તુણ સુધીનાં જગતનો નાશ થતાં પણ જે "હું" નો વિનાશ થતો નથી તેવા "હું" ને નમસ્કાર હો. અહો "અહં" (અર્થાત્ "હું") કેટલો આશ્ચર્યભર્યો છું! ૧૧

अहो अहं नमो मह्यं एकोऽहं देहवानपि ।
क्वचिन्न गन्ता नागन्ता व्याप्य विश्वमवस्थितः ॥ २-१२॥

અહો "અહં" ! મને (અર્થાત્ "અહં") ને નમસ્કાર હો. દેહધારી હોવા છતાં એક જ છું, નથી (કશે) જતો કે નથી (કશે) આવતો, પરંતુ વિશ્વને વ્યાપીને રહ્યો છું. ૧૨

अहो अहं नमो मह्यं दक्षो नास्तीह मत्समः ।
असंस्पृश्य शरीरेण येन विश्वं चिरं धृतम् ॥ २-१३॥

અહો "અહં" ! મને (અર્થાત્ "અહં" ને) નમસ્કાર મારા જેવો ચતુર કોઇ નથી કે જેના વડે શરીર સાથે સાધ્યા વિના આ વિશ્વ ચિરકાલથી ધારણ કરાયું છે. ૧૩

अहो अहं नमो मह्यं यस्य मे नास्ति किंचन ।
अथवा यस्य मे सर्वं यद् वाङ्मनसगोचरम् ॥ २-१४॥

અહો "અહં" ! મને (અર્થાત્ "અહં" ને) નમસ્કાર હો કે

"મારા" માં કાંઈ જ નથી, અથવા તો જે "મારા"માં વાણી
મનના વિષયરૂપ બનેલું બધું ય છે. ૧૪

ज्ञानं ज्ञेयं तथा ज्ञाता त्रितयं नास्ति वास्तवम् ।
अज्ञानाद् भाति यत्रेदं सोऽहमस्मि निरंजनः ॥ २-१५॥

જ્ઞાન, જ્ઞેય, અને જ્ઞાતા એ ત્રિપુટી જ્યાં વાસ્તવિક રીતે નથી,
પરંતુ એ જ્યાં અજ્ઞાનને લઈને ભાસે છે, તે "હું" નિરંજન છું. ૧૫

द्वैतमूलमहो दुःखं नान्यत्तस्याऽस्ति भेषजम् ।
दृश्यमेतन् मृषा सर्वं एकोऽहं चिद्रसोमलः ॥ २-१६॥

અહો! જે દ્વૈતથી ઉત્પન્ન થતું દુઃખ છે તેનું (સત્ય
જ્ઞાન સિવાય) બીજું કાંઈ ઓસડ નથી. આ સમસ્ત દૃશ્યપ્રપંચ
મિથ્યા છે. "હું" એક અને શુધ્ધ ચૈતન્ય રસ છું. ૧૬

बोधमात्रोऽहमज्ञानाद् उपाधिः कल्पितो मया ।
एवं विमृशतो नित्यं निर्विकल्पे स्थितिर्मम ॥ २-१७॥

"હું" કેવળ બોધરૂપ છું; અજ્ઞાનને લઈને જ મેં (આ
દ્વૈત-પ્રપંચરૂપ) ઉપાધિની કલ્પના કરી છે. આમ નિત્ય વિચાર
કરતાં કરતાં નિર્વિકલ્પ અવસ્થામાં મારી સ્થિતિ થઈ છે. ૧૭

न मे बन्धोऽस्ति मोक्षो वा भ्रान्तिः शान्तो निराश्रया ।
अहो मयि स्थितं विश्वं वस्तुतो न मयि स्थितम् ॥ २-१८॥

અહો મારામાં રહેલું વિશ્વ ખરું જોતાં મારામાં રહેલું જ નથી.
મને બન્ધ પણ નથી કે મોક્ષ પણ નથી. આશ્રય (અથવા આધાર)
વિના (ઊભી થયેલી જગતરૂપ) ભ્રાંતિ શાંત થઈ ગઈ છે. ૧૮

सशरीरमिदं विश्वं न किंचिदिति निश्चितम् ।
शुद्धचिन्मात्र आत्मा च तत्कस्मिन् कल्पनाधुना ॥ २-१९॥

શરીર સાથે આ વિશ્વ કશુ છે જ નહિ અને આત્મા શુધ્ધ
ચૈતન્ય માત્ર છે, તો પછી જગતની કલ્પના શામાં કરવી? ૧૯

शरीरं स्वर्गनरकौ बन्धमोक्षौ भयं तथा ।
कल्पनामात्रमेवैतत् किं मे कार्यं चिदात्मनः ॥ २-२०॥

શરીર, સ્વર્ગ-નરક, બન્ધ-મોક્ષ અને ભય એ બધું

કલ્પનામાત્ર જ છે. તેની સાથે ચિદાત્મારૂપ મારો શો સંબંધ છે? ૨૦

अहो जनसमूहेऽपि न द्वैतं पश्यतो मम ।
अरण्यमिव संवृत्तं क रतिं करवाण्यहम् ॥ २-२१॥

અહો, (આ સમસ્ત) જનસમુદાયમાં પણ દ્વૈત ન
જોનારા એવા મારે માટે (બધું ય) જંગલ જેવું થઇ ગયું છે,
તે પછી શામાં આસક્તિ રાખું? ૨૧

नाहं देहो न मे देहो जीवो नाहमहं हि चित् ।
अयमेव हि मे बन्ध आसीद्या जीविते स्पृहा ॥ २-२२॥

હું દેહ નથી, તેમ દેહ મારો નથી અને "હું" જીવ પણ નથી,
કારણ કે "હું" ચૈતન્ય છું. જીવન પ્રત્યે જે ઇચ્છા હતી તે જ મારે
માટે બંધન હતું, ૨૨

अहो भुवनकल्लोलैर्विचित्रैर्द्राक् समुत्थितम् ।
मय्यनंतमहाम्भोधौ चित्तवाते समुद्यते ॥ २-२३॥

અહો ! અનંત મહાસાગરરૂપ મારામાં ચિત્તરૂપી વાયુ વાતાં
જગતરૂપ વિચિત્ર તરંગો ઓચિતા ઊઠયા. ૨૩

मय्यनंतमहाम्भोधौ चित्तवाते प्रशाम्यति ।
अभाग्याज्जीववणिजो जगत्पोतो विनश्वरः ॥ २-२४॥

અનંત મહાસાગરરૂપ મારામાં ચિત્તરૂપ વાયુ શાંત બની
જીવરૂપ વાણિયા (વેપારી)નું જગતરૂપ વહાણ કમનસીબે ગયું. ૨૪

मय्यनन्तमहाम्भोधावाश्चर्यं जीववीचयः ।
उद्यन्ति घ्नन्ति खेलन्ति प्रविशन्ति स्वभावतः ॥ २-२५॥

આશ્ચર્ય (ની વાત) છે કે અનંત મહાસાગરરૂપ મારામા
જીવરૂપ મોજાંઓ આપોઆપ જ ઉત્પન્ન થાય છે. અથડાય છે,
રમે છે (અને) લય પામે છે. ૨૫

## પ્રકરણ 3 - આક્ષેપોપદેશપ્રકરણ

अष्टावक्र उवाच ॥
अविनाशिनमात्मानं एकं विज्ञाय तत्त्वतः ।

तवात्मज्ञानस्य धीरस्य कथमर्थार्जने रतिः ॥ ३-१॥

અષ્ટાવક્ર બોલ્યા : આત્માને વાસ્તવિક રીતે એક અને
અવિનાશી જાણ્યા પછી, આત્મજ્ઞ અને ધીર એવા તને ધનની
પ્રાપ્તિ પ્રત્યે પ્રીતિ કેમ થાય છે? ૧

आत्माज्ञानादहो प्रीतिर्विषयभ्रमगोचरे ।
शुक्तेरज्ञानतो लोभो यथा रजतविभ्रमे ॥ ३-२॥

અહો! જેમ છીપના અજ્ઞાનથી રૂપારૂપ ભ્રમમાં લોભ
ઊપજે છે, તેમ આત્માના અજ્ઞાનથી વિષયોરૂપ ભ્રમાત્મક વસ્તુમાં
પ્રીતિ થાય છે. ૨

विश्वं स्फुरति यत्रेदं तरङ्गा इव सागरे ।
सोऽहमस्मीति विज्ञाय किं दीन इव धावसि ॥ ३-३॥

જેમાં વિશ્વ, સમુદ્રમાં તરંગતી જેમ સ્ફૂરે છે તે "હું" જ
છું એમ જાણ્યા પછી (પણ) તું પામર મનુષ્યની જેમ શા
માટે દોડાદોડ કરે છે? ૩

श्रुत्वापि शुद्धचैतन्य आत्मानमतिसुन्दरम् ।
उपस्थेऽत्यन्तसंसक्तो मालिन्यमधिगच्छति ॥ ३-४॥

આત્માને શુદ્ધ ચૈતન્યરૂપ અને અત્યંત સુંદર જાણવા
છતાં જે (મનુષ્ય) વિષયોમાં અત્યંત આસક્ત બને છે, તે
મલિનતાને જ પામે છે. ૪

सर्वभूतेषु चात्मानं सर्वभूतानि चात्मनि ।
मुनेर्जानत आश्चर्यं ममत्वमनुवर्तते ॥ ३-५॥

પોતાના આત્માને સર્વ ભૂતમાં અને સર્વ ભૂતોને પોતાના
આત્માંમાં જાણનારા મુનિમાં પણ મમત્વ ચાલુ રહે છે (એ તો)
આશ્ચર્યની વાત છે. ૫

आस्थितः परमाद्वैतं मोक्षार्थेऽपि व्यवस्थितः ।
आश्चर्यं कामवशगो विकलः केलिशिक्षया ॥ ३-६॥

પરમ અદ્વૈતમાં સ્થિત થયેલો અને મોક્ષને માટે પ્રયાસ
કરતો. (મનુષ્ય) પણ ભોગના અભ્યાસને લઈને વ્યાકુળ બનેલો

હોઈ કામને વશ થાય છે, તે આશ્ચર્ય છે. ૬

उद्भूतं ज्ञानदुर्मित्रमवधार्यातिदुर्बलः ।
आश्चर्यं काममाकाङ्क्षेत् कालमन्तमनुश्रितः ॥ ३-७॥

ઉત્પન્ન થયેલા જ્ઞાનના શત્રુને જાણતો છતાં અત્યંત દુર્બલ
અને અંતકાલને પ્રાપ્ત થયેલો (મનુષ્ય) વિષયભોગની ઈચ્છા
કરે છે, તે આશ્ચર્ય છે ૭

इहामुत्र विरक्तस्य नित्यानित्यविवेकिनः ।
आश्चर्यं मोक्षकामस्य मोक्षाद् एव विभीषिका ॥ ३-८॥

આ લોક અને પરલોક પ્રત્યે વિરકત, નિત્ય અને અનિત્ય
વસ્તુના ભેદને સમજનાર (અને) મોક્ષની ઈચ્છાવાળા મનુષ્યને
મોક્ષથી જ ભય છે, એ જ આશ્ચર્ય છે. ૮

धीरस्तु भोज्यमानोऽपि पीड्यमानोऽपि सर्वदा ।
आत्मानं केवलं पश्यन् न तुष्यति न कुप्यति ॥ ३-९॥

ધીર મનુષ્ય ભોગ ભોગવતો છતાં પણ અને પીડાયુક્ત
બનતો હોવા છતાં પણ હમેશ કેવળ આત્માને જ જોતો હોઈ
પ્રસન્ન થતો નથી તેમ જ કોપ પણ કરતો નથી. ૯

चेष्टमानं शरीरं स्वं पश्यत्यन्यशरीरवत् ।
संस्तवे चापि निन्दायां कथं क्षुभ्येत् महाशयः ॥ ३-१०॥

પ્રવૃત્તિયુકત પોતાના શરીરને જે બીજાના શરીરની જેમ જુએ
છે એવો મહાત્મા પુરુષ સ્તુતિથી અથવા નિંદાથી પણ કેમ ક્ષોભ પામે? ૧૦

मायामात्रमिदं विश्वं पश्यन् विगतकौतुकः ।
अपि सन्निहिते मृत्यौ कथं त्रस्यति धीरधीः ॥ ३-११॥

આ વિશ્વને માયામાત્ર જોનાર અને તેથી જ કુતૂહલ
વિનાનો, શાંત બુદ્ધિવાળો મનુષ્ય મૃત્યુ પાસે હોય તો પણ કેવી
રીતે ત્રાસ પામે? ૧૧

निःस्पृहं मानसं यस्य नैराश्येऽपि महात्मनः ।
तस्यात्मज्ञानतृप्तस्य तुलना केन जायते ॥ ३-१२॥

જે મહાત્માનું મન નિરાશાને પ્રસંગે પણ (તદ્દન)

નિઃસ્પૃહ રહે છે તેવા આત્મજ્ઞાનથી સંતુષ્ટ (મહાત્મા)ની તુલના
કોની સાથે થઈ શકે છે? ૧૨

**स्वभावाद् एव जानानो दृश्यमेतन्न किंचन ।**
**इदं ग्राह्यमिदं त्याज्यं स किं पश्यति धीरधीः ॥ ३-१३॥**

આ દૃશ્ય (વિશ્વ) સ્વભાવથી જ કાંઈ નથી એમ જાણ-
નાર એ શાંત બુદ્ધિવાળો (મનુષ્ય) શું એમ જૂએ છે કે આ
ગ્રહણ કરવા યોગ્ય છે કે આ ત્યાગ કરવા યોગ્ય છે? ૧૩

**अंतस्त्यक्तकषायस्य निर्द्वन्द्वस्य निराशिषः ।**
**यदृच्छयागतो भोगो न दुःखाय न तुष्टये ॥ ३-१४॥**

(વિષય-વાસનારૂપ) મળનો જેણે અંતઃકરણથી ત્યાગ
કરેલો છે અને જે દ્વંદથી રહિત થયો છે અને જે આશાથી રહિત
થયો છે, તેને સહજ પ્રાપ્ત થતો ભોગ દુઃખ પણ નથી આપતો
તેમ જ હર્ષ પણ નથી પમાડતો. ૧૪

## પ્રકરણ ૪ - પુનઃશિષ્યાનુભવપ્રકરણ

**जनक उवाच ॥**
**हन्तात्मज्ञानस्य धीरस्य खेलतो भोगलीलया ।**
**न हि संसारवाहीकैर्मूढैः सह समानता ॥ ४-१ ॥**

જનક બોલ્યા : આ, ભોગરૂપ લીલાથી ક્રીડા કરતા અને .
આત્મજ્ઞાની એવા ધીર પુરુષની સાથે સંસારી એવા મૂઢ
મનુષ્યની સમાનતા કશી છે જ નહિ. ૧

**यत् पदं प्रेप्सवो दीनाः शक्राद्याः सर्वदेवताः ।**
**अहो तत्र स्थितो योगी न हर्षमुपगच्छति ॥ ४-२॥**

જે (આત્મ) પદની ઈચ્છા કરતા ઇન્દ્ર આદિ સર્વ
(તે પદની પ્રાપ્તિ ન થતાં) દીનતાને પ્રાપ્ત કરે છે. (અર્થાત્
શોકાતુર બને છે), ત્યાં સ્થિર બનેલો યોગી હર્ષ પામતો નથી,
એ આશ્ચર્યની વાત છે. ૨

**तज्ज्ञस्य पुण्यपापाभ्यां स्पर्शो ह्यन्तर्न जायते ।**

न ह्याकाशस्य धूमेन दृश्यमानापि सङ्गतिः ॥ ४-३॥

એ (આત્મ)પદને જાણનારને અંતઃકરણમાં પુણ્ય અને
પાપનો સ્પર્શ લાગતો નથી. બહારથી દેખાતી હોવા છતાં પણ
આકાશને વાસ્તવિક રીતે ધુમાડા સાથે સંગતિ (સ્પર્શ) હોતી નથી. ૩

आत्मैवेदं जगत्सर्वं ज्ञातं येन महात्मना ।
यदृच्छया वर्तमानं तं निषेद्धुं क्षमेत कः ॥ ४-४॥

આ સમસ્ત જગત આત્મરૂપ જ છે એમ જેણે જાણ્યું
છે તેવા મહાત્માને સહજ ક્રિયા કરતા અટકાવા કોણ સમર્થ
થાય? (અર્થાત્ તેની સહજ ક્રિયામાં વિધિ-નિષેધરૂપ બંધનો
કોણ આરોપિત કરી શકે? કોઈ જ નહિ.) ૪

आब्रह्मस्तम्बपर्यन्ते भूतग्रामे चतुर्विधे ।
विज्ञस्यैव हि सामर्थ्यमिच्छानिच्छाविवर्जने ॥ ४-५॥

બ્રહ્માથી માંડીને તુણ સુધીની (અંડજ, સ્વેદજ, જરાયુજ
અને ઉદ્‌ભિજ્જ) ચાર પ્રકારની જીવ-જાતિઓમાં માત્ર
જ્ઞાની જ ઈચ્છા અને અનિચ્છાને દૂર હઠાવવામાં સમર્થ છે. ૫

आत्मानमद्वयं कश्चिज्जानाति जगदीश्वरम् ।
यद् वेत्ति तत्स कुरुते न भयं तस्य कुत्रचित् ॥ ४-६॥

કોઈક જ (પોતાના) આત્માને અને જગતના ઈશ્વરને
અદ્વૈત (એકરૂપ) જાણે છે. તે જે જાણે છે તેને જ આચરણ
માં મૂકે છે. તેને કશેથી પણ ભય આવતો નથી. ૬

## પ્રકરણ ૫ - લયોપદેશપ્રકરણ

अष्टावक्र उवाच ॥
न ते संगोऽस्ति केनापि किं शुद्धस्त्यक्तुमिच्छसि ।
संघातविलयं कुर्वन्नेवमेव लयं व्रज ॥ ५-१॥

અષ્ટાવક કહે છે: તારો કશાની સાથે પણ સંગ છે જ
નહિ. (આથી) તું શુદ્ધ હોઈ શાનો ત્યાગ કરવાની ઈચ્છા રાખે
છે? આ પ્રમાણે (દેહ-)સંઘાતનો (અર્થાત્ દેહાભિમાનનો)

વિલય કરી સ્વરૂપમાં લીન થઈ જા. ૧

उदेति भवतो विश्वं वारिधेरिव बुद्बुदः ।
इति ज्ञात्वैकमात्मानं एवमेव लयं व्रज ॥ ५-२॥

સમુદ્રમાં જેમ પરપોટો ઉદય પામે છે તેમ તારામાંથી
વિશ્વ ઉદય પામે છે. એ પ્રમાણે આત્માને એકમાત્ર જાણીને
સ્વરૂપમાં લીન થઈ જા. ૨

प्रत्यक्षमप्यवस्तुत्वाद् विश्वं नास्त्यमले त्वयि ।
रज्जुसर्प इव व्यक्तं एवमेव लयं व्रज ॥ ५-३॥

વ્યકત બનેલું વડ પ્રત્યક્ષ હોવા છતાં પણ અવાસ્તવિક
અર્થાત્ (મિથ્યા) હોઈ નિર્મલ એવા તારામાં દોરડાંમાં દેખાતા
સર્પની જેમ છે જ નહિ. આથી તું સ્વરૂપમાં લીન થઈ જા. ૩.

समदुःखसुखः पूर्ण आशानैराश्ययोः समः ।
समजीवितमृत्युः सन्नेवमेव लयं व्रज ॥ ५-४॥

સુખ.-દુ:ખને સરખાં ગણી, પૂર્ણતા પ્રાપ્ત કરી, આશા-
નિરાશાને સમાન લેખી, તેમ જ જીવન અને મરણને પણ
સરખાં ગણી, તું સ્વરૂપમાં લીન થઈ જા. ૪

## પ્રકરણ ૬ - પુનઃ ગુરૂપદેશપ્રકરણ

अष्टावक्र उवाच ॥
आकाशवदनन्तोऽहं घटवत् प्राकृतं जगत् ।
इति ज्ञानं तथैतस्य न त्यागो न ग्रहो लयः ॥ ६-१॥

અષ્ટાવક કહે છે: "અહં" (અર્થાત્. "હું" ) આકાશની
જેમ અનંત છું, અને જગત ઘડાની જેમ પ્રકૃતિજન્ય છે, આ
(ખરું) જ્ઞાન છે. તો પછી આ જગત આદિ)નો ત્યાગ પણ
નથી થઈ શકતો તેમ તેનું ગ્રહણ પણ નથી કરી શકાતું, કે તેનો
લય પણ નથી સંભવતો. ૧

महोदधिरिवाहं स प्रपंचो वीचिसऽन्निभः ।
इति ज्ञानं तथैतस्य न त्यागो न ग्रहो लयः ॥ ६-२॥

"અહં" (અર્થાત્. "હું" ) મહાસાગર જેવો છું. અને આ જગત-પ્રપંચ તરંગ જેવો છે, આ (ખરું) શાન છે. તો પછી આ જગત આદિ)નો ત્યાગ ગ્રહણ કે લય સંભવતો નથી. ૨

अहं स शुक्तिसङ्काशो रूप्यवद् विश्वकल्पना ।
इति ज्ञानं तथैतस्य न त्यागो न ग्रहो लयः ॥ ६-३॥

આ "અહં" (અર્થાત્. "હું" ) છીપ સમાન છું અને વિશ્વની કલ્પના રૂપા સમાન (વિવર્ત) છે, આ (ખરું) જ્ઞાન છે. તો પછી આ (જગત આદિ) તો ત્યાગ, ગ્રહણ કે લય સંભવતો નથી. ૩

अहं वा सर्वभूतेषु सर्वभूतान्यथो मयि ।
इति ज्ञानं तथैतस्य न त्यागो न ग्रहो लयः ॥ ६-४॥

"અહં" (અર્થાત્. "હું" ) જ સર્વ ભૂતોમાં છે- અને સર્વ ભૂતો મારામાં છે, આ (ખરું) જ્ઞાન છે. તો પછી આ જગત આદિ જતો ત્યાગ, ગ્રહણ કે લય સંભવતો નથી. ૪

## પ્રકરણ ૭ - શિષ્યાનુભવપ્રકરણ

जनक उवाच ॥
मय्यनंतमहाम्भोधौ विश्वपोत इतस्ततः ।
भ्रमति स्वांतवातेन न ममास्त्यसहिष्णुता ॥ ७-१॥

જનક કહે છે; "અહં" (અર્થાત્ મારા) રૂપ મહાસાગરમાં મનરૂપ પવન વડે વિશ્વરૂપ વહાણ આમતેમ ભમે છે. (પરંતુ) મને (તેની) અસહનશીલતા (અર્થાત્ ઉદ્વેગ) નથી. ૧

मय्यनंतमहाम्भोधौ जगद्वीचिः स्वभावतः ।
उदेतु वास्तमायातु न मे वृद्धिर्न च क्षतिः ॥ ७-२॥

"અહં" (અર્થાત્. મારા) રૂપ મહાસાગરમાં એની મેળે જગતરૂપ તરંગ ઊઠો અથવા શાંત થઇ જાઓ, પરંતુ (તેથી) નથી. મારામાં કાંઇ વૃદ્ધિ થવાની કે નથી કાંઇ ઓછું થવાનું. ૨

मय्यनंतमहाम्भोधौ विश्वं नाम विकल्पना ।

अतिशांतो निराकार एतदेवाहमास्थितः ॥ ७-३॥

"અહં" (અર્થાત્ મારા)રૂપ મહાસાગરમાં વિશ્વ તો
કલ્પનામાત્ર જ છે, અને તેના આશ્રયરૂપ "અહં" (અર્થાત્ હું.)
તો અત્યન્ત શાંત અને આકારહિત જ છું. ૩

नात्मा भावेषु नो भावस्तत्रानन्ते निरंजने ।
इत्यसक्तोऽस्पृहः शान्त एतदेवाहमास्तितः ॥ ७-४॥

આત્મા વિશ્વમાં નથી, તેમ જ ત્યાં અનંત અને નિરંજન
(સ્થિતિમાં)માં વિશ્વ પણ નથી. આથી તેના આશ્રયરૂપ
"અહં" અર્થાત્ "હું") તો આસક્તિરહિત, નિઃસ્પૃહ અને શાંત છું. ૪

अहो चिन्मात्रमेवाहं इन्द्रजालोपमं जगत् ।
इति मम कथं कुत्र हेयोपादेयकल्पना ॥ ७-५॥

અહો "અહં" (અર્થાત્ "હું") તો ચૈતન્યમાત્ર છું અને જગત
ઇન્દ્રજાલ (માયા) જેવું છે. આથી મારે માટે ત્યાજ્ય
અને ગ્રાહ્યની કલ્પના કેવી રીતે અને કયાં હોય? ૫

## પ્રકરણ ૮ - બન્ધમોક્ષપ્રકરણ

अष्टावक्र उवाच ॥
तदा बन्धो यदा चित्तं किञ्चिद् वाञ्छति शोचति ।
किंचिन् मुंचति गृह्णाति किंचिद् दृष्यति कुप्यति ॥ ८-१॥

અષ્ટાવક્ર કહે છે: જ્યારે ચિત્ત કાંઇ ઇચ્છે, શોક કરે, કાંઈ છોડી (કાંઈ)
ગ્રહણ કરે, કાંઈ હર્ષ પામે, (કે) કોપ કરે ત્યારે બંધન થાય છે. ૧

तदा मुक्तिर्यदा चित्तं न वाञ्छति न शोचति ।
न मुंचति न गृह्णाति न हृष्यति न कुप्यति ॥ ८-२॥

જ્યારે ચિત્ત ઈચ્છા નથી કરતું, શોક નથી કરતું, છોડી
નથી દેતું. ગ્રહણ નથી કરતું, હર્ષ નથી. પામતું (કે) કોપ નથી
કરતું ત્યારે મોક્ષ થાય છે. ૨

तदा बन्धो यदा चित्तं सक्तं काश्वपि दृष्टिषु ।
तदा मोक्षो यदा चित्तमसक्तं सर्वदृष्टिषु ॥ ८-३॥

જયારે ચિત્ત કોઈ પણ દૃષ્ટિ (અર્થાત્ વિષયો)માં આસક્ત
થઈ જાય છે, ત્યારે બંધન થાય છે. જયારે ચિત્ત બધીય દૃષ્ટિ
(અર્થાત્ વિષયો) માંથી અનાસક્ત થઇ જાય છે, ત્યારે મોક્ષ થાય છે. ૩

यदा नाहं तदा मोक्षो यदाहं बन्धनं तदा ।
मत्वेति हेलया किंचिन्मा गृहाण विमुंच मा ॥ ८-४॥

જ્યારે "અહં" નથી ત્યારે મોક્ષ છે જ્યારે "અહં" છે ત્યારે
બંધન છે, એમ સહજ વિચારી આશાનું પણ ગ્રહણ કે ત્યાગ કર નહિ. ૪
માત્ર જોયા જ કર.

## પ્રકરણ ૯ - નિર્વેદપ્રકરણ

अष्टावक्र उवाच ॥
कृताकृते च द्वन्द्वानि कदा शान्तानि कस्य वा ।
एवं ज्ञात्वेह निर्वेदाद् भव त्यागपरोऽव्रती ॥ ९-१॥

અષ્ટાવક્રે કહ્યું : કૃત અને અકૃત કર્મો તેમ જ સુખદુ:ખાદિ
દ્વંદ્વો કોનાં અથવા કયારે શાંત થયાં છે? આમ જાણીને અહીં
(આ સંસારમાં કંટાળી જઇને વ્રત કર્મ રહિત અને ત્યાગપરાયણ થા.૧

कस्यापि तात धन्यस्य लोकचेष्टावलोकनात् ।
जीवितेच्छा बुभुक्षा च बुभुत्सोपशमः गताः ॥ ९-२॥

પ્રિય (જનક)! કોઈક જ ધન્ય પુરુષની જીવવાની,
ભોગવવાની તેમ જ બનવાની ઈચ્છા લોકચેષ્ટાના
અવલોકન વડે (વૈરાગ્ય થતાં) શાંત બને છે. ૨

अनित्यं सर्वमेवेदं तापत्रितयदूषितम् ।
असारं निन्दितं हेयमिति निश्चित्य शाम्यति ॥ ९-३॥

આ બધું જ (દૃશ્ય જગત) અનિત્ય, (આધ્યાત્મિક,
આધિદૈવિક અને આધિભૌતિક) ત્રિવિધ તાપથી દોષયુક્ત
સારહીન, નિંદવાયોગ્ય (અને) ત્યાજ્ય છે એમ નિશ્ચય કરીને
(તે ધન્ય પુરુષ) શાંત બને છે. ૩

कोऽसौ कालो वयः किं वा यत्र द्वन्द्वानि नो नृणाम् ।
तान्युपेक्ष्य यथाप्राप्तवर्ती सिद्धिमवाप्नुयात् ॥ ९-४॥

જ્યાં મનુષ્યોને (સુખદુઃખાદિ) દ્વંદ્વો જ નથી તો પછી એ
કાળ તો છે જ ક્યાં અને આયુષ્ય પણ ક્યાં છે? એ બધાને નકારી
યથાપ્રાપ્ત વસ્તુઓમાં વર્તવાવાળો પુરુષ સિદ્ધિને પામે છે. ૪

नाना मतं महर्षीणां साधूनां योगिनां तथा ।
दृष्ट्वा निर्वेदमापन्नः को न शाम्यति मानवः ॥ ९-५॥

મહર્ષિઓના, સાધુઓના તથા યોગીઓના જૂદા જૂદા
મત (-ભેદો) જોઇ કંટાળો પામેલો કયો મનુષ્ય શાંત થતો નથી? ૫

कृत्वा मूर्तिपरिज्ञानं चैतन्यस्य न किं गुरुः ।
निर्वेदसमतायुक्त्या यस्तारयति संसृतेः ॥ ९-६॥

વૈરાગ્ય, સમત્વ અને યુક્તિ દ્વારા ચૈતન્યના સ્વરૂપનું જ્ઞાન
કરી જે પોતાને સંસારમાંથી તારે છે, તે શું (પોતે.) ગુરુ નથી
(કે જેથી બીજા ગુરુની એને જરૂર પડે) ? ૬

पश्य भूतविकारांस्त्वं भूतमात्रान् यथार्थतः ।
तत्क्षणाद् बन्धनिर्मुक्तः स्वरूपस्थो भविष्यसि ॥ ९-७॥

તું (પંચમહા-)ભૂતનાં કાર્યોને વાસ્તવિક રીતે ભૂતમાત્ર
જો. તે ક્ષણે જ તું બંધનથી મુકત થઇ સ્વરૂપમાં સ્થિર બનીશ. ૮

वासना एव संसार इति सर्वा विमुञ्च ताः ।
तत्त्यागो वासनात्यागात्स्थितिरद्य यथा तथा ॥ ९-८॥

વાસનાઓ જ સંસાર છે, તેથી તે બધીને ત્યજી દે;
વાસનાઓના ત્યાગથી સંસારનો ત્યાગ થઇ જશે, (અને) જે
(પરમ પદમાં) સ્થિતિ થવી જોઇએ તે આજે જ થઇ જશે. ૮

## પ્રકરણ ૧૦ - ઉપશમપ્રકરણ

अष्टावक्र उवाच ॥
विहाय वैरिणं काममर्थं चानर्थसंकुलम् ।
धर्ममप्येतयोर्हेतुं सर्वत्रानादरं कुरु ॥ १०-१॥

અષ્ટાવક્રે કહ્યું : શત્રુરૂપ કામને, અનર્થથી ભરેલા અર્થને તેમ
જ એ બંનેના કારણરૂપ ધર્મને પણ ત્યજી દઇને બધેય અનાદર કર.૧

स्वप्नेन्द्रजालवत् पश्य दिनानि त्रीणि पञ्च वा ।
मित्रक्षेत्रधनागारदारदायादिसम्पदः ॥ १०-२॥

મિત્ર, જમીન, ધન, ઘર, સ્ત્રી, સગાંસંબંધી, ઈત્યાદિ સંપત્તિ
સ્વપ્ન અને ઇન્દ્રજાલની (જાદુગરીની) જેમ માત્ર ત્રણ કે પાંચ
દિવસની જ છે એમ જો. ૨

यत्र यत्र भवेत्तृष्णा संसारं विद्धि तत्र वै ।
प्रौढवैराग्यमाश्रित्य वीततृष्णः सुखी भव ॥ १०-३॥

જયાં જયાં તૃષ્ણા છે ત્યાં સંસાર છે એમ સમજ. માટે
બળવાન વૈરાગ્યનો આશય લઈને તૃષ્ણા રહિત બની સુખી થા. ૩

तृष्णामात्रात्मको बन्धस्तन्नाशो मोक्ष उच्यते ।
भवासंसक्तिमात्रेण प्राप्तितुष्टिर्मुहुर्मुहुः ॥ १०-४॥

બંધ તૃષ્ણા માત્ર સ્વરૂપનો છે, તેમ જ તે (તૃષ્ણા) નો
નાશ જ મોક્ષ કહેવાય છે. સંસાર પ્રત્યે અનાસક્તિ માત્રથી જ
વારંવાર આત્માની પ્રાપ્તિ અને તૃપ્તિ થાય છે. ૪

त्वमेकश्चेतनः शुद्धो जडं विश्वमसत्तथा ।
अविद्यापि न किंचित्सा का बुभुत्सा तथापि ते ॥ १०-५॥

તું એક, શુદ્ધ અને ચેતન છે, અને વિશ્વ જડ અને
અસત છે. જે અવિદ્યા કરીને કહેવાય છે તે પણ કાંઈ જ નથી,
તો પછી (કાંઈ પણ) બનવાની ઈચ્છા તને કેમ હોઈ શકે? ૫

राज्यं सुताः कलत्राणि शरीराणि सुखानि च ।
संसक्तस्यापि नष्टानि तव जन्मनि जन्मनि ॥ १०-६॥

રાજ્ય, પુત્રો, પત્નીઓ, શરીરો અને સુખો તું આસક્ત
હતો છતાં પણ જન્મોજન્મમાં નાશ પામી ગયાં. ૬

अलमर्थेन कामेन सुकृतेनापि कर्मणा ।
एभ्यः संसारकान्तारे न विश्रान्तमभून् मनः ॥ १०-७॥

અર્થ, કામ અને સુકૃત કર્મો પણ હવે બસ થયાં. આ
બધાથી (પણ) સંસારરૂપ વનમાં મન શાંત થયું નહિ. ૭

कृतं न कति जन्मानि कायेन मनसा गिरा ।

दुःखमायासदं कर्म तदद्याप्युपरम्यताम् ॥ १०-८॥

કેટલાક જન્મોમાં તે શરીર, મન (અને) વાચા વડે પરિશ્રમ આપવાવાળું અને દુ:ખપ્રદ કર્મ નથી કર્યું તો હવે તો શાંત થા! ૮

## પ્રકરણ ૧૧ - જ્ઞાનાષ્ટકપ્રકરણ

अष्टावक्र उवाच ॥
भावाभावविकारश्च स्वभावादिति निश्चयी ।
निर्विकारो गतक्लेशः सुखेनैवोपशाम्यति ॥ ११-१॥

અષ્ટાવક્રે કહ્યું : ભાવ અને અભાવરૂપ (અર્થાત્ સૃષ્ટિ અને નાશરૂપ) વિકાર સ્વભાવથી જ (અર્થાત્ માયાથી જ) થાય છે એમ જેણે નિશ્ચય કર્યો છે, તેવો નિર્વિકાર અને ક્લેશરહિત મનુષ્ય સહેલાઈથી જ શાંત બને છે. ૧

ईश्वरः सर्वनिर्माता नेहान्य इति निश्चयी ।
अन्तर्गलितसर्वाशः शान्तः क्वापि न सज्जते ॥ ११-२॥

અહીં સર્વનું નિર્માણ કરનાર ઇશ્વર જ છે અને બીજો કોઈ નથી એમ જેણે નિશ્ચય કર્યો છે અને જેની બધી આશા અંતકરણમાં નાશ પામી છે તેવો શાંત મનુષ્ય કશે પણ આસક્ત થતો નથી. ૨

आपदः सम्पदः काले दैवादेवेति निश्चयी ।
तृप्तः स्वस्थेन्द्रियो नित्यं न वान्छति न शोचति ॥ ११-३॥

સમય (સમય પર આવતી) આપાત્ત અને સંપત્તિ દૈવથી જ (આવે) છે એમ જેણે નિશ્ચય કર્યો છે તેવો સંતોષી અને હમેશાં શાંત ઇન્દ્રિયોવાળો (કશાની) ઈચ્છા કરતો નથી, તેમ જ (કશાનો) શોક (પણ) કરતો નથી. ૩

सुखदुःखे जन्ममृत्यू दैवादेवेति निश्चयी ।
साध्यादर्शी निरायासः कुर्वन्नपि न लिप्यते ॥ ११-४॥

સુખ-દુ:ખ (અને) જન્મ-મૃત્યુ દૈવથી જ (આવે) છે એમ જેણે નિશ્ચય કર્યો છે, તેવો સાધ્ય કર્મને જોનારો અને પરિશ્રમરહિત બનેલો મનુષ્ય કર્મ કરતો છતાં લેપાતો નથી. ૪

चिन्तया जायते दुःखं नान्यथेहेति निश्चयी ।
तया हीनः सुखी शान्तः सर्वत्र गलितस्पृहः ॥ ११-५॥

આ સંસારમાં ચિંતાને લઈને જ દુ:ખ ઉત્પન્ન થાય છે અને
બીજી કોઈ રીતે થતું નથી એમ જેણે નિશ્ચય કર્યો છે તે (ચિંતાથી)
રહિત (અને) સર્વત્ર સ્પૃહાહીન મનુષ્ય સુખી અને શાંત બને છે.૫

नाहं देहो न मे देहो बोधोऽहमिति निश्चयी ।
कैवल्यं इव सम्प्राप्तो न स्मरत्यकृतं कृतम् ॥ ११-६ ॥

'હું દેહ નથી; દેહ મારો નથી, "હું" બોધરૂપ છું' એવો
એણે નિશ્ચય કર્યો છે તેવો મોક્ષને પ્રાપ્ત થયેલો મનુષ્ય કરેલાં કે
ન કરેલાં કર્મોને સંભારતો નથી. ૬

आब्रह्मस्तम्बपर्यन्तमहमेवेति निश्चयी ।
निर्विकल्पः शुचिः शान्तः प्राप्ताप्राप्तविनिर्वृतः ॥ ११-७॥

બ્રહ્માથી માંડીને તુણ સુધી "હું" જ રહ્યો છું એવો
નિશ્ચય કરનાર મનુષ્ય સંકલ્પરહિત, પવિત્ર, શાંત અને પ્રાપ્ત ને
અપ્રાપ્તથી રહિત બને છે. ૭

नाश्चर्यमिदं विश्वं न किंचिदिति निश्चयी ।
निर्वासनः स्फूर्तिमात्रो न किंचिदिव शाम्यति ॥ ११-८॥

આ અનેક આશ્ચર્ય (અર્થાત્ ચમત્કાર વાળું) વિશ્વ કાંઈ
જ નથી એવો નિશ્ચય કરનાર, વાસનારહિત અને કેવળ ચૈતન્યરૂપ
મનુષ્ય જાણે કાંઈ છે જ નહિ એમ શાંત બને છે. ૮

## પ્રકરણ ૧૨ - એવમેવાષ્ટકપ્રકરણ

जनक उवाच ॥
कायकृत्यासहः पूर्वं ततो वाग्विस्तरासहः ।
अथ चिन्तासहस्तस्माद् एवमेवाहमास्थितः ॥ १२-१ ॥

જનકે કહ્યું : પહેલાં શારીરિક કર્મોથી કંટાળેલો, પછી વાચાના
વિસ્તારથી કંટાળેલો અને છેવટે (મનના) ચિંતનથી કંટાળેલો
કોઈ એવી જ સ્થિતિમાં "હું" સ્થિત છું. ૧

प्रीत्यभावेन शब्दादेरदृश्यत्वेन चात्मनः ।
विक्षेपैकाग्रहृदय एवमेवाहमास्थितः ॥ १२-२॥

શબ્દ આદિ (વિષયોમાં) આસક્તિના અભાવથી અને
આત્મા અદૃશ્ય હોવાથી કદીક વિક્ષેપયુકત તો કદીક
એકાગ્ર હૃદયવાળો હોઈ એવી જ સ્થિતિમાં "હું" સ્થિત છું. ૨

समाध्यासादिविक्षिप्तौ व्यवहारः समाधये ।
एवं विलोक्य नियमं एवमेवाहमास्थितः ॥ १२-३॥ ।

વિક્ષેપ-દશામાં (રહેલાને માટે) સમાધિ, આસન આદિ
તેમ જ સમાધિ દશા(માં રહેનારાને) માટે વ્યવહાર એવો
(ઊલટા-સુલટી) નિયમ જોઈને, એવી જ સ્થિતિમાં "હું" સ્થિત છું. ૩

हेयोपादेयविरहाद् एवं हर्षविषादयोः ।
अभावादद्य हे ब्रह्मन् एवमेवाहमास्थितः ॥ १२-४॥

ત્યાજ્ય અને ગ્રાહ્યથી રહિત હોઈ તેમ જ હર્ષ અને
શોકનો અભાવ હોઈ, હે બ્રહ્મન્ (અષ્ટાવક્ર)! આજે એવી જ
સ્થિતિમાં "હું" સ્થિત છું. ૪

आश्रमानाश्रमं ध्यानं चित्तस्वीकृतवर्जनम् ।
विकल्पं मम वीक्ष्यैतैरेवमेवाहमास्थितः ॥ १२-५॥

આશ્રમમાં રહેવું કે આશ્રમથી પર જવું, ધ્યાન કરવું (કે
ન કરવું) મન (છે એમ) સ્વીકારવું કે ન સ્વીકારવું ઈત્યાદિ
વાતોમાં મારો વિકલ્પ હોઈ (એટલે કે આ બધી વાતો મારી
મરજી અનુસાર હોઈ) એવી જ સ્થિતિમાં "હું" સ્થિત છું. ૫

कर्मानुष्ठानमज्ञानाद् यथैवोपरमस्तथा ।
बुध्वा सम्यगिदं तत्त्वं एवमेवाहमास्थितः ॥ १२-६॥

જેમ કર્મ કરવાં એ અજ્ઞાનનું જ કાર્ય છે તેમ કર્મ ન
કરવાં એ પણ અજ્ઞાનનું જ કાર્ય છે. આ તત્ત્વ બરાબર જાણી
એવી જ સ્થિતિમાં "હું" સ્થિત છે. ૬

अचिंत्यं चिंत्यमानोऽपि चिन्तारूपं भजत्यसौ ।
त्यक्त्वा तद्भावनं तस्माद् एवमेवाहमास्थितः ॥ १२-७॥

અચિંત્ય(બ્રહ્મ)નું ચિંતન કરનારો પણ ચિંતનરૂપ જ
થાય છે. આથી તો (અચિંત્ય)નું પણ ચિંતન છોડી દઈને
એવી જ સ્થિતિમાં "હું" સ્થિત છું. ૭

एवमेव कृतं येन स कृतार्थो भवेदसौ ।
एवमेव स्वभावो यः स कृतार्थो भवेदसौ ॥ १२-८॥

જો આ પ્રમાણે (સ્થિતિ) કરી છે. તે કૃતકૃત્ય થાય છે.
જેનો આ પ્રમાણેનો સ્વભાવ જ બન્યો છે તે (પણ) કૃતકૃત્ય જ છે.

## પ્રકરણ ૧૩ - યથાસુખપ્રકરણ

जनक उवाच ॥
अकिञ्चनभवं स्वास्थ्यं कौपीनत्वेऽपि दुर्लभम् ।
त्यागादाने विहायास्मादहमासे यथासुखम् ॥ १३-१ ॥

જનકે કહ્યું : કાંઈ પણ ન હોવાથી ઉત્પન્ન થતી (માનસિક)
સ્વસ્થતા કૌપીન ધારણ કરવાથી પણ અપ્રાપ્ય છે. આથી
ત્યાગ અને ગ્રહણ (બંનેના વિચાર) છોડી દઈને "હું"
સુખપૂર્વક સ્થિત છું. ૧

कुत्रापि खेदः कायस्य जिह्वा कुत्रापि खेद्यते ।
मनः कुत्रापि तत्त्यक्त्वा पुरुषार्थे स्थितः सुखम् ॥ १३-२ ॥

કશામાં શરીરનું દુઃખ તો કશામાં જીભ દુઃખી થાય,
તો વળી કશામાં મન ખેદ પામે. આ (બધું) છોડીને "હું"
(આત્મપ્રાપ્તિ) પુરુષાર્થમાં સુખપૂર્વક સ્થિત છું. ૨

कृतं किमपि नैव स्याद् इति संचिन्त्य तत्त्वतः ।
यदा यत्कर्तुमायाति तत् कृत्वासे यथासुखम् ॥ १३-३ ॥

કોઈ પણ કર્મ કરાતું જ નથી એમ તત્ત્વદૃષ્ટિથી વિચાર
કરીને જે વખતે જે કર્મ (સહજ) આવી પડે છે તે કરીને હું
સુખપૂર્વક સ્થિત છું. ૩

कर्मनैष्कर्म्यनिर्बन्धभावा देहस्थयोगिनः ।
संयोगायोगविरहादहमासे यथासुखम् ॥ १३-४ ॥

કર્મ અને નૈષ્કર્મ્યરૂપ બંધનના ખ્યાલો દેહાભિમાનવાળા
યોગીને જ (લાગે છે, પરંતુ મને. તો દેહ આદિના) સંયોગ
અથવા વિયોગની અભાવ હોઇ "હું" સુખપૂર્વક સ્થિત છું. ૪

अर्थानर्थौ न मे स्थित्या गत्या न शयनेन वा ।
तिष्ठन् गच्छन् स्वपन् तस्मादहमासे यथासुखम् ॥ १३-५॥

બેસવાથી કે ચાલવાથી કે સૂવાથી મને લાભ કે હાનિ થતી નથી.
આથી બેસતાં ચાલતાં અને સૂતાં છતાં "હું" સુખપૂર્વક સ્થિત છું. ૫

स्वपतो नास्ति मे हानिः सिद्धिर्यत्नवतो न वा ।
नाशोल्लासौ विहायास्मदहमासे यथासुखम् ॥ १३-६॥

સૂઈ રહું તો મને કાંઈ હાનિ નથી. અને યત્ન કરુ; તો
મને કાંઇ સિદ્ધિ પણ પ્રાપ્ત થતી નથી. આથી લાભ અને હાનિ
બને ત્યજી દઇને "હું" સુખપૂર્વક સ્થિત છું. ૬

सुखादिरूपानियमां भावेष्वालोक्य भूरिशः ।
शुभाशुभे विहायास्मादहमासे यथासुखम् ॥ १३-७॥

વસ્તુઓમાં સુખ (દુઃખ) આદિરૂપ. જે અનિશ્ચિતપણું
તે વારંવાર જોઇને (અને) તેથી જ શુભ અને અશુભનો પરિ-
ત્યાગ કરીને "હું" સુખપૂર્વક સ્થિત છું. ૭

## પ્રકરણ ૧૪ - શાન્તિચતુષ્કપ્રકરણ

जनक उवाच ॥
प्रकृत्या शून्यचित्तो यः प्रमोदाद् भावभावनः ।
निद्रितो बोधित इव क्षीणसंसरणो हि सः ॥ १४-१॥

જનકે કહ્યું : જે સ્વભાવથી જ ચિત્તવૃતિવિહીન હોઈ માત્ર
આનંદ (મઝા)ને ખાતર જ (જગતની) વસ્તુઓની ભાવના
કરે છે, તે જાગતા જેવો લાગતાં છતાં ઊંઘતો હોઈ તેનો સંસાર
(રૂપી બંધ) ક્ષીણ બનેલો છે. ૧

क्व धनानि क्व मित्राणि क्व मे विषयदस्यवः ।
क्व शास्त्रं क्व च विज्ञानं यदा मे गलिता स्पृहा ॥ १४-२॥

જયારે મારી કામના નષ્ટ થઈ છે ત્યારે મારે માટે ધન
શું, મિત્રો શું, વિષયોરૂપ ચોર શું, શાસ્ત્ર શું અને વિજ્ઞાન શું? ૨

विज्ञाते साक्षिपुरुषे परमात्मनि चेश्वरे ।
नैराश्ये बंधमोक्षे च न चिंता मुक्तये मम ॥ १४-३ ॥

સાક્ષીપુરુષ (જીવાત્મા) અને પરમાત્મા ઈશ્વર, તેમ જ
નૈરાશ્ય અને બન્ધમોક્ષ (મને) જ્ઞાત હોઈ મુક્તિને માટે મને
ચિંતા નથી. ૨

अंतर्विकल्पशून्यस्य बहिः स्वच्छन्दचारिणः ।
भ्रान्तस्येव दशास्तास्तास्तादृशा एव जानते ॥ १४-४ ॥

અંદરથી વિકલ્પરહિત અને બહારથી સ્વચ્છંદપણે વિચરનાર
ભ્રમિત બનેલા જેવા મારી જૂદી જૂદી અવસ્થાઓ માત્ર
તેના જેવા જ (અર્થાત તે સ્થિતિને પ્રાપ્ત થયેલા જ) જાણે છે. ૪

## પ્રકરણ ૧૫ - તત્ત્વોપદેશપ્રકરણ

अष्टावक्र उवाच ॥
यथातथोपदेशेन कृतार्थः सत्त्वबुद्धिमान् ।
आजीवमपि जिज्ञासुः परस्तत्र विमुह्यति ॥ १५-१ ॥

અષ્ટાવક બોલ્યા: સત્ત્વ અને બુદ્ધિયુકત (પુરુષ) જેવા
તેવા (અર્થાત્ થોડા માત્ર) ઉપદેશથી જ કૃતાર્થ બની જાય છે,
જ્યારે બીજો જીવન પર્યત જિજ્ઞાસુ હોવા છતાં તેમાં મોહ પામે છે. ૧

मोक्षो विषयवैरस्यं बन्धो वैषयिको रसः ।
एतावदेव विज्ञानं यथेच्छसि तथा कुरु ॥ १५-२ ॥

વિષયોમાંથી રસ જતો રહેવો એ જ મોક્ષ છે વિષયોમાં
રસ હોવો એ જ બંધ છે. આટલું જ માત્ર વિજ્ઞાન છે, (માટે)
જેમ ઈચ્છામાં આવે તેમ. કર. ૨

वाग्मिप्राज्ञामहोद्योगं जनं मूकजडालसम् ।
करोति तत्त्वबोधोऽयमतस्त्यक्तो बुभुक्षभिः ॥ १५-३ ॥

આ તત્ત્વબોધ મૂંગા જડ અને આળસુ મનુષ્યને

(ક્રમશઃ) વાચાળ, બુદ્ધિમાન અને ઉદ્યોગી બનાવે છે. આથી
ભોગાભિલાષી મનુષ્યો વડે એ ત્યજાયેલો છે. ૩

न त्वं देहो न ते देहो भोक्ता कर्ता न वा भवान् ।
चिद्रूपोऽसि सदा साक्षी निरपेक्षः सुखं चर ॥ १५-४॥

તું દેહ નથી, તેમ દેહ તારો નથી, તું ભોક્તા કે કર્તા
પણ નથી, (તું તો) સદા ચિતસ્વરૂપ સાક્ષી અને કોઈના પર
પણ આધાર ન રાખનારો છે, માટે સુખપૂર્વક વિચર. ૪.

रागद्वेषौ मनोधर्मौ न मनस्ते कदाचन ।
निर्विकल्पोऽसि बोधात्मा निर्विकारः सुखं चर ॥ १५-५॥

રાગ અને દ્વેષ મનના ધર્મો છે અને મન તો તારું કદી પણ
છે જ નહિ. તું તો નિવિકલ્પ, બોધસ્વરૂપ, નિર્વિકાર
છે, (માટે) સખપૂર્વક વિચર. ૫

सर्वभूतेषु चात्मानं सर्वभूतानि चात्मनि ।
विज्ञाय निरहङ्कारो निर्ममस्त्वं सुखी भव ॥ १५-६ ॥

સર્વ ભૂતોમાં પોતાના આત્મા અને પોતાના આત્મામાં
સર્વ ભૂતો (રહેલા) જાણીને અને અહંકાર અને મમત્વથી
રહિત બનીને તું સુખી થા. ૬

विश्वं स्फुरति यत्रेदं तरंगा इव सागरे ।
तत्त्वमेव न सन्देहश्चिन्मूर्ते विज्वरो भव ॥ १५-७॥

સમુદ્રમાં તરંગોની જેમ જ્યાં આ વિશ્વ સ્ફૂરે છે, તે તું જ
છે, (તેમાં) સંદેહ નથી. હે ચિત્સ્વરૂપ! (જનક) સંતાપ રહિત થા.

श्रद्धस्व तात श्रद्धस्व नात्र मोऽहं कुरुष्व भोः ।
ज्ञानस्वरूपो भगवानात्मा त्वं प्रकृतेः परः ॥ १५-८॥

સૌમ્ય! શ્રદ્ધા રાખ, શ્રદ્ધા રાખ, અહીં મોહ ન પામ.
તું જ્ઞાનસ્વરૂપ, ભગવાન, આત્મા, પ્રકૃતિથી પર છે. ૮

નિશ્ચય પૂર્વક જાણવું

गुणैः संवेष्टितो देहस्तिष्ठत्यायाति याति च ।
आत्मा न गंता नागंता किमेनमनुशोचसि ॥ १५-९॥

ગુણો સત્ત્વ, રજસ આ તમસ) વડે ઢંકાયલા દેહ સ્થિત

રહે છે, આવે છે અને જાય છે. આત્મા જતો પણ નથી અને
આવતો પણ નથી. શા માટે તું તેનો શોક કરે છે.? ૯

देहस्तिष्ठतु कल्पान्तं गच्छत्वद्यैव वा पुनः ।
क्व वृद्धिः क्व च वा हानिस्तव चिन्मात्ररूपिणः ॥ १५-१०॥

દેહ કલ્પના અંત સુધી રહો કે પછી આજે જ પડો. તું કે
જે ચિન્માત્રસ્વરૂપ છે તેની (તેથી) શી વૃદ્ધિ છે કે શી હાનિ છે ?

त्वय्यनंतमहाम्भोधौ विश्ववीचिः स्वभावतः ।
उदेतु वास्तमायातु न ते वृद्धिर्न वा क्षतिः ॥ १५-११॥

તારારૂપી અનંત મહાસાગરમાં વિશ્વરૂપી તરંગ આપોઆપ
ઉદય પામો કે અસ્ત પામો, તેથી તારી વૃદ્ધિ પણ નથી
થતી કે હાનિ પણ નથી થતી. ૧૧

तात चिन्मात्ररूपोऽसि न ते भिन्नमिदं जगत् ।
अतः कस्य कथं कुत्र हेयोपादेयकल्पना ॥ १५-१२॥

સૌમ્ય! તું ચિન્માત્રસ્વરૂપ છે; આ જગત તારાથી ભિન્ન
નથી, તો પછી ત્યાજ્ય અને ગ્રાહ્યની કલ્પના કોને, કેવી રીતે અને
કયાં હોઇ શકે? ૧૨

एकस्मिन्नव्यये शान्ते चिदाकाशेऽमले त्वयि ।
कुतो जन्म कुतो कर्म कुतोऽहङ्कार एव च ॥ १५-१३॥

એક,અવ્યય, શાંત, નિર્મળ, ચિદાકાશ એવા તારામાં
જન્મ કયાંથી, કર્મ કયાંથી તેમ જ અહંકાર પણ કયાંથી? ૧૩

यत्त्वं पश्यसि तत्रैकस्त्वमेव प्रतिभाससे ।
किं पृथक् भासते स्वर्णात् कटकांगदनूपुरम् ॥ १५-१४॥

જે જે તું જુએ છે, ત્યાં ત્યાં તું જ એકલો ભાસમાન થાય
છે. શું કહું, બાજુબંધ અને ઝાંઝર સોનાથી ભિન્ન ભાસે છે ખરાં?

अयं सोऽहमयं नाहं विभागमिति संत्यज ।
सर्वमात्मेति निश्चित्य निःसङ्कल्पः सुखी भव ॥ १५-१५॥

(જે) આ છે તે "હું" છું. અને આ "હું" નથી એવા ભેદ-
ભાવને છોડી દે. બધું ય આત્મા જ છે એમ નિશ્ચય કરી સંકલ્પ.

રહિત બની સુખી થા. ૧૫

तवैवाज्ञानतो विश्वं त्वमेकः परमार्थतः ।
त्वत्तोऽन्यो नास्ति संसारी नासंसारी च कश्चन ॥ १५-१६॥

તારા અજ્ઞાનથી જ આ વિશ્વ ભાસે છે, પરંતુ વસ્તુતઃ
તો તું એકલો જ છે. તારાથી જુદો બીજો કોઈ સંસારી (અર્થાત્
બદ્ધ) ને અસંસારી (અર્થાત્ મુકત) છે જ નહિ. ૧૬

भ्रान्तिमात्रमिदं विश्वं न किंचिदिति निश्चयी ।
निर्वासनः स्फूर्तिमात्रो न किंचिदिव शाम्यति ॥ १५-१७॥

આ ભ્રાન્તિરૂપ વિશ્વ કાંઈ જ નથી એવો નિશ્ચય કરનાર,
વાસનારહિત અને કેવળ ચૈતન્યરૂપ મનુષ્ય જાણે કાંઈ છે જ નહિ,
તેમ શાંત બને છે. ૧૭

एक एव भवाम्भोधावासीदस्ति भविष्यति ।
न ते बन्धोऽस्ति मोक्षो वा कृत्यकृत्यः सुखं चर ॥ १५-१८॥

સંસારસાગરમાં એક તું જ હતો, છે અને હોઈશ. તને
બંધ પણ નથી અને મોક્ષ પણ નથી, માટે કૃતાર્થ હોઈ સુખી થા. ૧૮

मा सङ्कल्पविकल्पाभ्यां चित्तं क्षोभय चिन्मय ।
उपशाम्य सुखं तिष्ठ स्वात्मन्यानन्दविग्रहे ॥ १५-१९॥

ચિત્સ્વરૂપ (જનક)! સંકલ્પ-વિકલ્પથી તારા ચિત્તનો
ક્ષોભ ન કર. શાંત બની આનંદ -સ્વરૂપ આત્મામાં સ્થિત થા. ૧૯

त्यजैव ध्यानं सर्वत्र मा किंचिद् हृदि धारय ।
आत्मा त्वं मुक्त एवासि किं विमृश्य करिष्यसि ॥ १५-२०॥

ધ્યાનનો તો સર્વત્ર ત્યાગ કર અને હૃદયમાં કાંઈ પણ
સ્મરણ કર નહિ. તું આત્મા (હોઈ) મુકત જ છે તો પછી
વિચાર કરીને શું કરવાનો છે? ૨૦

## પ્રકરણ ૧૬ - વિશેષજ્ઞાનોપદેશપ્રકરણ

अष्टावक्र उवाच ॥
आचक्ष्व श‍ृणु वा तात नानाशास्त्राण्यनेकशः ।

तथापि न तव स्वास्थ्यं सर्वविस्मरणाद् ऋते ॥ १६-१॥

અષ્ટાવકે કહ્યું : સૌમ્ય! વિવિધ શાસ્ત્રોને તું અનેકવાર કહે
અથવા સાંભળ, પરંતુ બધું ભૂલી જવા વિના તને શાંતિ થશે નહિ. ૧

भोगं कर्म समाधिं वा कुरु विज्ञ तथापि ते ।
चित्तं निरस्तसर्वाशमत्यर्थं रोचयिष्यति ॥ १६-२॥

જ્ઞાની (જનક)! ભોગ, કર્મ કે સમાધિ ગમે તે કર,
પરંતુ બધી આશાઓથી રહિત બન્યું હોવા છતાં તારુ ચિત્ત તને
અત્યંત લોભાવશે. ૨

आयासात्सकलो दुःखी नैनं जानाति कश्चन ।
अनेनैवोपदेशेन धन्यः प्राप्नोति निर्वृतिम् ॥ १६-३॥

પરિશ્રમથી બધાય મનુષ્ય દુઃખી થાય છે (પરંતુ) એને
કોઈ જાણી શકતું નથી. આ ઉપદેશથી ધન્ય (કૃતાર્થ બનેલો)
નિર્વાણરૂપ પરમસુખને પામે છે. ૩

व्यापारे खिद्यते यस्तु निमेषोन्मेषयोरपि ।
तस्यालस्य धुरीणस्य सुखं नन्यस्य कस्यचित् ॥ १६-४॥

જે (પુરુષ) આંખની મીંચવા-ઉઘાડવાની ક્રિયાથી પણ
ખેદ પામે છે, તેવા આળસુઓના સરદારને જ સુખ પ્રાપ્ત થાય છે
બીજા કોઈને નહિ. ૪

इदं कृतमिदं नेति द्वंद्वैर्मुक्तं यदा मनः ।
धर्मार्थकाममोक्षेषु निरपेक्षं तदा भवेत् ॥ १६-५॥

આ કર્યું અને આ નહિ આવા દ્વન્દ્વોથી મન જ્યારે મુક્ત બને
છે ત્યારે (તે) ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પ્રત્યે ઉદાસીન બને છે.

विरक्तो विषयद्वेष्टा रागी विषयलोलुपः ।
ग्रहमोक्षविहीनस्तु न विरक्तो न रागवान् ॥ १६-६॥

વિષયોનો દ્વેષી વિરક્ત છે, વિષયોમાં લોલુપ રાગી છે;
પરંતુ ગ્રહણ કે ત્યાગ વિનાનો (અર્થાત્ બંનેથી પર ગયેલો
જીવન્મુક્ત) વિરક્ત પણ નથી તેમ જ રાગી પણ નથી. ૬

हेयोपादेयता तावत्संसारविटपांकुरः ।

स्पृहा जीवति यावद् वै निर्विचारदशास्पदम् ॥ १६-७॥

જયાં સુધી સ્પૃહા (તૃષ્ણા) જીવતી હોય છે; ત્યાં સુધી જ ગ્રહણ અને ત્યાગની ભાવના સંસારૂપી વૃક્ષનો અંકુર ગણાય છે. (એ સ્પૃહા ન હોય તો તે ગ્રહણ અને ત્યાગની ભાવના) નિર્વિકલ્પ અવસ્થારૂપ જ છે. ૭

प्रवृत्तौ जायते रागो निर्वृत्तौ द्वेष एव हि ।
निर्द्वन्द्वो बालवद् धीमान् एवमेव व्यवस्थितः ॥ १६-८॥

પ્રવૃત્તિમાંથી આસક્તિ જન્મે છે; તેમ જ નિવૃતિમાંથી દ્વેષ. આથી બુદ્ધિમાન અને દ્વન્દ્વરહિત પુરુષ બાળકની પેઠે જેમ ને તેમ સ્થિત રહે છે. ૮

हातुमिच्छति संसारं रागी दुःखजिहासया ।
वीतरागो हि निर्दुःखस्तस्मिन्नपि न खिद्यति ॥ १६-९॥

રાગી પુરુષ દુઃખથી દૂર થવાની ઈચ્છાથી સંસારને છોડવા ઇચ્છે છે; પરંતુ રાગરહિત અને દુ:ખરહિત (વીતરાગી) પુરુષ તે (સંસાર) માં પણ ખેદ પામતો નથી. ૯

यस्याभिमानो मोक्षेऽपि देहेऽपि ममता तथा ।
न च ज्ञानी न वा योगी केवलं दुःखभागसौ ॥ १६-१०॥

જેને મોક્ષ વિષે પણ આસક્તિ છે; તેમ જ દેહમાં પણ મમતા છે તે યોગી પણ નથી અને જ્ઞાની પણ નથી; પરંતુ કેવળ દુઃખને જ પામે છે. ૧૦

हरो यद्युपदेष्टा ते हरिः कमलजोऽपि वा ।
तथापि न तव स्वाथ्यं सर्वविस्मरणादृते ॥ १६-११॥

જો શંકર તારા ઉપદેશક થાય કે વિષ્ણુ અથવા કમળમાંથી જન્મેલા (બ્રહ્મ) પણ ઉપદેશક થાય, તોપણ બધું ભૂલી જવા સિવાય તને શાંતિ થવાની નથી. ૧૧

## પ્રકરણ ૧૭ - તત્વસ્વરૂપપ્રકરણ

अष्टावक्र उवाच ॥
तेन ज्ञानफलं प्राप्तं योगाभ्यासफलं तथा ।
तृप्तः स्वच्छेन्द्रियो नित्यं एकाकी रमते तु यः ॥ १७-१ ॥

અષ્ટાવક્રે કહ્યું: જે પુરૂષ સંતોષી અને શુદ્ધ ઇંદ્રિયવાળો
હોઈ સદાય એકલો જ આનંદમાં રહે છે, તેણે જ જ્ઞાનનું ફળ અને
યોગાભ્યાસનું ફળ પ્રાપ્ત કર્યું છે. ૧

न कदाचिज्जगत्यस्मिन् तत्त्वज्ञो हन्त खिद्यति ।
यत एकेन तेनेदं पूर्णं ब्रह्माण्डमण्डलम् ॥ १७-२ ॥

અહો! આ જગતમાં તત્વને જાણનારો કદી પણ ખેદ
પામતો નથી, કારણ કે તેના એકલા વડે જ આ બ્રહ્માણ્ડમંડલ
વ્યાપ્ત થયું છે. (અર્થાત તેના સિવાય બીજું કાંઇ છે જ નહિ.) ૨

न जातु विषयाः केऽपि स्वारामं हर्षयन्त्यमी ।
सल्लकीपल्लवप्रीतमिवेभं निम्बपल्लवाः ॥ १७-३ ॥

શલ્લકી નામની વનસ્પતિનાં પાન ખાઈ આનંદિત થયેલા
હાથીને જેમ લીમડાનાં (કડવાં) પાન હર્ષ પમાડતાં નથી, તેમ
આત્મારામ પુરુષને આ કોઇ વિષયો કદી પણ હર્ષ પમાડતા નથી.૩

यस्तु भोगेषु भुक्तेषु न भवत्यधिवासितः ।
अभुक्तेषु निराकांक्षी तदृशो भवदुर्लभः ॥ १७-४ ॥

જે મનુષ્ય ભોગવાયેલા ભોગોમાં આસક્ત થતો નથી અને ન
ભોગવાયેલા પ્રત્યે આકાંક્ષારહિત છે, તેવો મનુષ્ય સંસારમાં
દુર્લભ છે.૪

बुभुक्षुरिह संसारे मुमुक्षुरपि दृश्यते ।
भोगमोक्षनिराकांक्षी विरलो हि महाशयः ॥ १७-५ ॥

અહીં સંસારમાં ભોગેચ્છુ તેમ જ મોક્ષેચ્છુ દેખાય છે;
(પરંતુ) ભોગ અને મોક્ષ બંને પ્રત્યે નિરાકાંક્ષી મહાત્મા કોઈક
વિરલ જ હોય છે. ૫

धर्मार्थकाममोक्षेषु जीविते मरणे तथा ।

कस्याप्युदारचित्तस्य हेयोपादेयता न हि ॥ १७-६॥

કોઈ ઉદાર બુદ્ધિવાળાને જ ધર્મ, અર્થ, કર્મ અને મોક્ષ
તેમ જ જીવન અને મરણને માટે ત્યાજ્ય કે ગ્રાહ્યભાવ હોતો નથી. ૬

वाञ्छा न विश्वविलये न द्वेषस्तस्य च स्थितौ ।
यथा जीविकया तस्माद् धन्य आस्ते यथा सुखम् ॥ १७-७॥

વિશ્વના વિલયની ઇચ્છા નથી અને તે રહે તો દ્વેષ નથી
આથી ધન્ય (કૃતાર્થ પુરુષ) સહજ મળતી આજીવિકા વડે
સુખપૂર્વક રહે છે. ૭

कृतार्थोऽनेन ज्ञानेनेत्येवं गलितधीः कृती ।
पश्यन् श्रृण्वन् स्पृशन् जिघ्रन्न् अश्नन्नास्ते यथा सुखम् ॥ १७-८॥

આ જ્ઞાન વડે કૃતકૃત્ય બનેલો અને તેથી જ જેની બુદ્ધિ
લય પામી ગઈ છે તેવો કૃતાર્થ પુરુષ જોતો, સાંભળતો, સ્પર્શતો,
સૂંઘતો અને ખાતો (અર્થાત્ ઇંદ્રિયોના વિષયોને ભોગવતો)
સુખપૂર્વક રહે છે. ૮

शून्या दृष्टिर्वृथा चेष्टा विकलानीन्द्रियाणि च ।
न स्पृहा न विरक्तिर्वा क्षीणसंसारसागरे ॥ १७-९॥

જ્યારે સંસારરૂપ સાગર ક્ષીણ થાય, ત્યાર દૃષ્ટિ શૂન્ય બને
છે; ક્રિયા નિરર્થક થાય છે, અને ઇન્દ્રિયો ક્ષુબ્ધ બને છે; આસક્તિ
રહેતી નથી તેમ જ વિરક્તિ પણ થતી નથી. ૯

न जागर्ति न निद्राति नोन्मीलति न मीलति ।
अहो परदशा क्वापि वर्तते मुक्तचेतसः ॥ १७-१०॥

નથી જાગતો, નથી સૂતો, નથી આંખ ખોલતો કે નથી
બંધ કરતો. અહો, મનથી મુકત બનેલાની કેવી ઉત્કૃષ્ટ દશા થાય છે. ૧૦

सर्वत्र दृश्यते स्वस्थः सर्वत्र विमलाशयः ।
समस्तवासना मुक्तो मुक्तः सर्वत्र राजते ॥ १७-११॥

બધી વાસનાઓમાંથી મુકત બનેલો મુકત પુરુષ સર્વ
ઠેકાણે સ્વસ્થ દેખાય છે, સર્વત્ર નિર્મળ અંતઃકરણવાલો રહે છે
અને સર્વત્ર શોભે છે. ૧૧

पश्यन् शृण्वन् स्पृशन् जिघ्रन् अश्नन्
गृण्हन् वदन् व्रजन् ।
ईहितानीहितैर्मुक्तो मुक्त एव महाशयः ॥ १७-१२॥

ઇચ્છાઓ અને અનિચ્છાઓથી મુક્ત મહાત્મા જોતો
સાંભળતો, સ્પર્શતો, મૂકતો, ખાતો, ગ્રહણ કરતો, બોલતો, ચાલતે
(છતાં) મુક્ત જ છે. ૧૨

न निन्दति न च स्तौति न हृष्यति न कुप्यति ।
न ददाति न गृण्हाति मुक्तः सर्वत्र नीरसः ॥ १७-१३॥

સર્વ ઠેકાણે રસરહિત મુકત પુરુષ નિંદતો નથી, વખાણતો
નથી, ખુશ થતો નથી, નાખુશ થતો નથી, આપતો નથી
તેમ જ લેતો પણ નથી. ૧૩

सानुरागां स्त्रियं दृष्ट्वा मृत्युं वा समुपस्थितम् ।
अविह्वलमनाः स्वस्थो मुक्त एव महाशयः ॥ १७-१४॥

પ્રીતિયુક્ત સ્ત્રી અથવા પાસે આવેલા મૃત્યુને જોઇને પણ જે
મહાત્મા અવિહ્વલ ચિત્તવાળો અને સ્વસ્થ રહે છે, તે મુકત જ છે.

सुखे दुःखे नरे नार्यां सम्पत्सु च विपत्सु च ।
विशेषो नैव धीरस्य सर्वत्र समदर्शिनः ॥ १७-१५॥

બધેય સમદર્શી, ધીર પુરુષને સુખમાં અને દુઃખમાં, સ્ત્રીમાં
અને પુરુષમાં, સંપત્તિમાં અને વિપત્તિમાં કશો જ ફરક હોતો નથી.

न हिंसा नैव कारुण्यं नौद्धत्यं न च दीनता ।
नाश्चर्यं नैव च क्षोभः क्षीणसंसरणे नरे ॥ १७-१६॥

જન સંસાર નાશ પામ્યો છે તેવા મનુષ્યમાં નથી હિંસા, કે
કરુણા, નથી ઉદ્ધતાઇ કે નથી નમ્રતા, નથી ઐશ્વર્ય કે નથી ક્ષોભ.

न मुक्तो विषयद्वेष्टा न वा विषयलोलुपः ।
असंसक्तमना नित्यं प्राप्ताप्राप्तमुपाश्नुते ॥ १७-१७॥

મુકત પુરુષ વિષયોને ધિક્કારતો નથી કે વિષયોમાં
આસક્ત પણ થતો નથી. સદા અનાસક્ત ચિત્તવાળો બની તે
પ્રાપ્ત અને અપ્રાપ્ત વસ્તુનો ઉપભોગ કરે છે ૧૭

समाधानसमाधानहिताहितविकल्पनाः ।
शून्यचित्तो न जानाति कैवल्यमिव संस्थितः ॥ १७-१८॥

જેનુ ચિત્ત નાશ પામ્યુ (શૂન્ય) છે (સમાધાન કે અસમાધાન, કે અહિત(ઇત્યાદિ)ની કલ્પનાને જાણતો નથી, (પરંતુ) કૈવલ્ય (અર્થાત્ મોક્ષ) માં જ સ્થિર રહે છે. ૧૮

निर्ममो निरहंकारो न किंचिदिति निश्चितः ।
अन्तर्गलितसर्वाशः कुर्वन्नपि करोति न ॥ १७-१९॥

મમતારહિત, અહંતારહિત, કાંઈ જ નથી એવા નિશ્ચય- વાળો અને અંદરથી જેની બધી આશાઓ લય પામી ગઈ છે એવો તે કર્મ કરતો છતાં લેપાતો નથી. ૧૯

मनःप्रकाशसंमोहस्वप्नजाड्यविवर्जितः ।
दशां कामपि सम्प्राप्तो भवेद् गलितमानसः ॥ १७-२०॥

જેનું મન ક્ષીણ બન્યું છે અને જે મનના પ્રકાશ અંધકાર, સ્વપ્ન અને જડતા (અર્થાત્ સુષુપ્તિ)થી રહિત છે, તે કોઈ (અવર્ણનીય) દશાને પ્રાપ્ત થાય છે. ૨૦

## પ્રકરણ ૧૮ - શમપ્રકરણ

अष्टावक्र उवाच ॥
यस्य बोधोदये तावत्स्वप्नवद् भवति भ्रमः ।
तस्मै सुखैकरूपाय नमः शान्ताय तेजसे ॥ १८-१ ॥

અષ્ટાવક્રે કહ્યું : જેના બોધના ઉદયથી (જગતરૂપ) ભ્રમ સ્વપ્ન જેવો થઈ જાય છે, તે એકમાત્ર આનંદરૂપ અને શાંત તેજને નમસ્કાર. હો. ૧

अर्जयित्वाखिलान् अर्थान् भोगानाप्नोति पुष्कलान् ।
न हि सर्वपरित्यागमन्तरेण सुखी भवेत् ॥ १८-२॥

સર્વ ધન કમાઈને પુષ્કળ ભોગોને (મનુષ્ય) પ્રાપ્ત કરે છે; (પરંતુ) બધાના પરિત્યાગ વિના તે સુખી થતો જ નથી.

कर्तव्यदुःखमार्तण्डज्वालादग्धान्तरात्मनः ।

कुतः प्रशमपीयूषधारासारमृते सुखम् ॥ १८-३॥

કર્મજન્ય દુઃખરૂપી સૂર્યની જવાળાથી જેનું અંતર બળી
ગયું છે તેને શાંતિરૂપી અમૃતધારાની વૃષ્ટિ વિના સુખ કયાંથી મળે?

भवोऽयं भावनामात्रो न किंचित् परमर्थतः ।
नास्त्यभावः स्वभावानां भावाभावविभाविनाम् ॥ १८-४॥

આ સંસાર કલ્પના માત્ર જ છે અને પરમાર્થ દ્રષ્ટિથી
તો કાંઈ જ નથી. ભાવરૂપ અને અભાવરૂપ પદાર્થોમાં સ્થિત
બનેલા સ્વભાવનો અભાવ હોતો નથી. ૪

न दूरं न च संकोचाल्लब्धमेवात्मनः पदम् ।
निर्विकल्पं निरायासं निर्विकारं निरंजनम् ॥ १८-५॥

આત્માનું સ્વરૂપ દૂર નથી તેમ જ સમીપમાં પણ નથી.
(અર્થાત્ પરિચ્છિન્ન નથી.) પરંતુ (તે) સંકલ્પ રહિત, પ્રયત્ન-
રહિત, વિકારરહિત અને શુદ્ધ એવું હમેશ પ્રાપ્ત જ છે. ૫

व्यामोहमात्रविरतौ स्वरूपादानमात्रतः ।
वीतशोका विराजन्ते निरावरणदृष्टयः ॥ १८-६॥

માત્ર મોહના નિવૃત થવાથી પોતાનાં સ્વરૂપનું માત્ર ગ્રહણ થતાં
શોકરહિત અને આવરણહીન દ્રષ્ટિવાળા (પુરુષો) શોભાયમાન થાય છે. ૬

समस्तं कल्पनामात्रमात्मा मुक्तः सनातनः ।
इति विज्ञाय धीरो हि किमभ्यस्यति बालवत् ॥ १८-७॥

(આ) બધું (જગત) કલ્પના માત્ર છે અને આત્મા
મુક્ત (અને) નિત્ય છે, એમ જાણ્યા પછી ધીર પુરુષ બાળકની
જેમ શું ચેષ્ટા કરે છે ? ૭

आत्मा ब्रह्मेति निश्चित्य भावाभावौ च कल्पितौ ।
निष्कामः किं विजानाति किं ब्रूते च करोति किम् ॥ १८-८॥

આત્મા બ્રહ્મ છે અને ભાવ તેમ જ અભાવ (અર્થાત્ સૃષ્ટિ
તેમજ પ્રલય) કલ્પના માત્ર છે, એમ નિશ્ચય કર્યા પછી-
નિષ્કામ મનુષ્ય જાણે છે શું, બોલે છે શુ અને કરે છે શું? ૮

अयं सोऽहमयं नाहं इति क्षीणा विकल्पना ।

सर्वमात्मेति निश्चित्य तूष्णीम्भूतस्य योगिनः ॥ १८-९॥

બધું આત્મા જ છે એમ નિશ્ચય કર્યા પછી શાંત બનેલા
યોગીની આ "હું" છું, આ "હું" નથી, એવી કલ્પનાઓ નષ્ટ બની જાય છે. ૯

न विक्षेपो न चैकाग्र्यं नातिबोधो न मूढता ।
न सुखं न च वा दुःखं उपशान्तस्य योगिनः ॥ १८-१०॥

શાંત બનેલા યોગીને નથી વિક્ષેપ કે નથી એકાગ્રતા, નથી
જ્ઞાન કે નથી મૂઢતા; નથી સુખ કે નથી દુઃખ. ૧૦

स्वाराज्ये भैक्षवृत्तौ च लाभालाभे जने वने ।
निर्विकल्पस्वभावस्य न विशेषोऽस्ति योगिनः ॥ १८-११॥

વિકલ્પહીન (બનેલા) સ્વભાવવાળા યોગીને સ્વરાજ્યમાં
કે ભિક્ષાવૃત્તિમાં, લાભમાં કે હાનિમાં, લોકોમાં કે જંગલમાં કાંઈજ
ફેર હોતો નથી. ૧૧

क्व धर्मः क्व च वा कामः क्व चार्थः क्व विवेकिता ।
इदं कृतमिदं नेति द्वन्द्वैर्मुक्तस्य योगिनः ॥ १८-१२॥

દ્વન્દ્વોથી મુકત બનેલા યોગીને ધર્મ શો અને કામ શો
અને અર્થ શો અને 'આ કર્યું અને આ નહિ' એવો વિવેક શો? ૧૨

कृत्यं किमपि नैवास्ति न कापि हृदि रंजना ।
यथा जीवनमेवेह जीवन्मुक्तस्य योगिनः ॥ १८-१३॥

જીવન્મુકત યોગીને કશું કર્તવ્ય છે જ નહિ; તેમ જ અંતરમાં
કશી પણ આસક્ત નથી (તે) અહીં યથાપ્રાપ્ત જીવન (જીવે છે.)૧૩

क्व मोहः क्व च वा विश्वं क्व तद् ध्यानं क्व मुक्तता ।
सर्वसंकल्पसीमायां विश्रान्तस्य महात्मनः ॥ १८-१४॥

સર્વ સંકલ્પના અંત પર વિશ્રાંત બનેલા (અર્થાત્ સર્વ
સંકલ્પોના અંતને પામેલા) યોગીને મોહ ક્યાં અને વિશ્વ ક્યાં,
એનું ધ્યાન ક્યાં અને મુક્તિ ક્યાં? ૧૪

येन विश्वमिदं दृष्टं स नास्तीति करोतु वै ।
निर्वासनः किं कुरुते पश्यन्नपि न पश्यति ॥ १८-१५॥

જે આ વિશ્વ ને જોતો હોય તે ભલે એ નથી એમ કરો

(અર્થાત્ ગણો); પરંતુ વાસનારહિત પુરુષ શું કરે છે? (અર્થાત્ કાંઈ જ કરતો નથી); કારણ કે (તે) જોતો છતાં પણ જોતો નથી.

येन दृष्टं परं ब्रह्म सोऽहं ब्रह्मेति चिन्तयेत् ।
किं चिन्तयति निश्चिन्तो द्वितीयं यो न पश्यति ॥ १८-१६ ॥

જેણે પરબ્રહ્મ જોયું હોય તે ભણેલ "હું" બ્રહ્મ છું એમ ચિંતન કરે. (પરંતુ) જે બીજું કશું જોતો જ નથી એવો ચિંતનરહિત (મનુષ્ય) શાનું ચિતન કરે? ૧૬

दृष्टो येनात्मविक्षेपो निरोधं कुरुते त्वसौ ।
उदारस्तु न विक्षिप्तः साध्याभावात्करोति किम् ॥ १८-१७ ॥

જે પોતાના આત્માનો વિક્ષેપ જોતો હોય તે ભલે તેનો નિરોધ (અર્થાત્ ધ્યાન, સમાધિ ઈત્યાદિ) કરે; પરંતુ જ્ઞાની પુરુષ વિક્ષિપ્ત બન્યો જ નથી તે સાધ્યના અભાવથી (અર્થાત્ તેને કાંઈ પણ સાધવાનું રહેવું જ ન હોવાથી) શું કરે? ૧૭

धीरो लोकविपर्यस्तो वर्तमानोऽपि लोकवत् ।
न समाधिं न विक्षेपं न लोपं स्वस्य पश्यति ॥ १८-१८ ॥

લોકોની જેમ વર્તતો છતાં પણ લોક કરતાં જૂદો એવો જ્ઞાની પોતાની સમાધિ કે વિક્ષેપ કે લેપ જોતો નથી. ૧૮

भावाभावविहीनो यस्तृप्तो निर्वासनो बुधः ।
नैव किंचित्कृतं तेन लोकदृष्ट्या विकुर्वता ॥ १८-१९ ॥

જે જ્ઞાની ભાવ અને અભાવથી રહિત છે અને તૃપ્ત છે તે લોકોની નજરે કરતો છતાં પણ કાંઇ જ કરતો નથી. ૧૯

प्रवृत्तौ वा निवृत्तौ वा नैव धीरस्य दुर्ग्रहः ।
यदा यत्कर्तुमायाति तत्कृत्वा तिष्ठतः सुखम् ॥ १८-२० ॥

જે વખતે જે કરવાનું આવી પડે તે કરીને આનંદથી રહેતા જ્ઞાનીને પ્રવૃત્તિમાં કે નિવૃત્તિમાં દુરાગ્રહ હોતો જ નથી. ૨૦

निर्वासनो निरालम्बः स्वच्छन्दो मुक्तबन्धनः ।
क्षिप्तः संस्कारवातेन चेष्टते शुष्कपर्णवत् ॥ १८-२१ ॥

વાસનારહિત, કોઈના ઉપર પણ આધાર ન રાખનારો,

સ્વચ્છંદ અને બંધનોમાંથી છૂટેલો (મનુષ્ય) સંસારરૂપી પવન
વડે પ્રેરિત બની સૂકાં પાંદડાંની જેમ ચેષ્ટા કરે છે. ૨૧

असंसारस्य तु क्वापि न हर्षो न विषादता ।
स शीतलमना नित्यं विदेह इव राजये ॥ १८-२२॥

અસંસારી (અર્થાત્ જ્ઞાની)ને કશે પણ હર્ષ નથી કે
શોક નથી શીતળ મનવાળો તે હંમેશ દેહરહિતની જેમ શોભે છે

कुत्रापि न जिहासास्ति नाशो वापि न कुत्रचित् ।
आत्मारामस्य धीरस्य शीतलाच्छतरात्मनः ॥ १८-२३॥

શાંત અને શુદ્ધ આત્માવાળા અને આત્મામાં જ સ્થિર
બનેલા ધીર પુરુષને કશું પણ ત્યજવાની ઈચ્છા હોતી નથી;
તેમ જ કશું મેળવાની પણ આશા હોતી નથી. ૨૩

प्रकृत्या शून्यचित्तस्य कुर्वतोऽस्य यदृच्छया ।
प्राकृतस्येव धीरस्य न मानो नावमानता ॥ १८-२४॥

સ્વભાવથી જ શૂન્ય ચિત્તવાળા અને સહજ કર્મ કરતા ધીર
પુરુષને સામાન્ય મનુષ્યની જેમ માન કે અપમાન લાગતાં નથી.૨૪

कृतं देहेन कर्मेदं न मया शुद्धरूपिणा ।
इति चिन्तानुरोधी यः कुर्वन्नपि करोति न ॥ १८-२५॥

'આ કર્મ દેહ વડે થયું છે અને નહિ કે શુદ્ધ આત્મ
સ્વરૂપ એવા મારા વડે' એમ જે સતત ચિંતન કરે છે તે
(કર્મ) કરતો છતાં પણ (કાંઈ જ) કરતો નથી. ૨૫

अतद्वादीव कुरुते न भवेदपि बालिशः ।
जीवन्मुक्तः सुखी श्रीमान् संसरन्नपि शोभते ॥ १८-२६॥

એમ ન કહેનારા (અર્થાત્ સામાન્ય માણસ)ની જેમ તે
કર્મ કરે છે; છતાં પણ તે નાદાન હોતો નથી. એવો સુખી અને
શ્રીમાન જીવન્મુક્ત સંસારમાં રહેવા છતાં શોભે છે. ૨૬

नानाविचारसुश्रान्तो धीरो विश्रान्तिमागतः ।
न कल्पते न जाति न शृणोति न पश्यति ॥ १८-२७॥

અનેક પ્રકારના વિચારોથી થાકી ગયેલો અને તેથી જ શાંત બનેલો

ધીર પુરુષકલ્પના કરતો નથી, જાણતો નથી,સાંભળતો નથી, જોતો નથી.૨૭

असमाधेरविक्षेपान् न मुमुक्षुर्न चेतरः ।
निश्चित्य कल्पितं पश्यन् ब्रह्मैवास्ते महाशयः ॥ १८-२८॥

જ્ઞાની પુરુષ સમાધિના અભાવને લીધે મુમુક્ષુ નથી; તેમજ
વિક્ષેપના અભાવથી તેમનાથી. ઊલટો (અર્થાત્ બધ્ધ) પણ નથી; પરંતુ
બ્રહ્માશ્રય કરીને (આ બધાને) કલ્પનામય જોતો બ્રહ્મરૂપે જ રહે છે. ૨૮

यस्यान्तः स्यादहंकारो न करोति करोति सः ।
निरहंकारधीरेण न किंचिदकृतं कृतम् ॥ १८-२९॥

જેનામાં અહંકાર છે તે કાંઇ ન કરે તોપણ કર્મ કરે જ છે.
જયારે અહંકારરહિત ધીર પુરુષને તો કાંઇ પણ અકૃત અથવા
(ન કરેલું અથવા કરેલું) છે જ નહિ. ૨૯

नोद्विग्नं न च सन्तुष्टमकर्तृ स्पन्दवर्जितम् ।
निराशं गतसन्देहं चित्तं मुक्तस्य राजते ॥ १८-३०॥

ઉદ્વેગરહિત તેમ જ સંતોષરહિત, અકર્તૃ, (સંકલ્પરૂપ)
સ્પંદરહિત નિરાશ અને સંદેહહીન એવું મુક્તનું ચિત્ત શોભે છે. ૩૦.

निर्ध्यातुं चेष्टितुं वापि यच्चित्तं न प्रवर्तते ।
निर्निमित्तमिदं किंतु निर्ध्यायेति विचेष्टते ॥ १८-३१॥

ધીર પુરુષનું ચિત્ત ધ્યાન કરવાને અથવા ક્રિયા કરવાને
પ્રવૃત થતું નથી, પરંતુ તે કાંઇ પણ નિમિત્ત ન હોવા છતાં
(યથાપ્રાપ્ત) ધ્યાન .કરે છે અને ક્રિયા કરે છે. .૩૧

तत्त्वं यथार्थमाकर्ण्य मन्दः प्राप्नोति मूढताम् ।
अथवा याति संकोचममूढः कोऽपि मूढवत् ॥ १८-३२॥

સત્ય તત્ત્વને સાંભળીને જડ મનુષ્ય મૂઢ બને છે અથવા
સંકોચ (ગભરાટ)ને પ્રાપ્ત કરે છે. કોઈ બુદ્ધિમાન પુરુષની દશા
પણ (બાહ્યદષ્ટિથી તો) મૂઢના જેવી જ થાય છે. ૩૨

एकाग्रता निरोधो वा मूढैरभ्यस्यते भृशम् ।
धीराः कृत्यं न पश्यन्ति सुप्तवत्स्वपदे स्थिताः ॥ १८-३३॥

મૂઢ મનુષ્યો એકાગ્રતા અથવા (ચિત્ત) નિરોધનો વારંવાર

અભ્યાસ કરે છે, પરંતુ જ્ઞાનીઓ તો આત્મપદમાં સૂતેલાની જેમ
સ્થિર બનેલા હોઇ કાંઇ કરવાપણું જોતા જ નથી. ૩૩

अप्रयत्नात् प्रयत्नाद् वा मूढो नाप्नोति निर्वृतिम् ।
तत्त्वनिश्चयमात्रेण प्राज्ञो भवति निर्वृतः ॥ १८-३४॥

પ્રયત્ન ન કરવાથી અથવા પ્રયત્ન વડે પણ મૂઢ મનુષ્ય
સુખ પામતો નથી, જ્યારે માત્ર તત્વનો નિશ્ચય થતાં જ બુદ્ધિમાન
મનુષ્ય સુખી બને છે. ૩૪

शुद्धं बुद्धं प्रियं पूर्णं निष्प्रपंचं निरामयम् ।
आत्मानं तं न जानन्ति तत्राभ्यासपरा जनाः ॥ १८-३५॥

શુધ્ધ, શુધ્ધ. પ્રિય, પૂર્ણ, પ્રપંચરહિત અને દુઃખરહિત એવા
એ આત્માને તેના અભ્યાસમાં પરાયણ રહેનારા લોકો જાણતા નથી.૩૫

नाप्नोति कर्मणा मोक्षं विमूढोऽभ्यासरूपिणा ।
धन्यो विज्ञानमात्रेण मुक्तस्तिष्ठत्यविक्रियः ॥ १८-३६॥

મૂઢ પુરુષ અભ્યાસરૂપ કર્મ વડે મોક્ષને પ્રાપ્ત કરી શકતો
નથી. જ્ઞાની પુરુષ વિજ્ઞાન માત્રથી જ મુકત અને નિર્વિકાર બને છે.૩૬

मूढो नाप्नोति तद् ब्रह्म यतो भवितुमिच्छति ।
अनिच्छन्नपि धीरो हि परब्रह्मस्वरूपभाक् ॥ १८-३७॥

મૂઢ પુરુષ બ્રહ્મરૂપ બનવા ઇચ્છે અને તેથી જ તે તેને
મેળવી શકતો નથી. જયારે ધીર પુરુષ ઇચ્છતો ન હોવા છતાં પર-
બ્રહ્મસ્વરૂપ જ છે. ૩૭

निराधारा ग्रहव्यग्रा मूढाः संसारपोषकाः ।
एतस्यानर्थमूलस्य मूलच्छेदः कृतो बुधैः ॥ १८-३८॥

આધારરહિત એવા દુરાગ્રહવાળા મૂઢો જ સંસારનું પોષણ
કરવાવાળા છે. આ અનર્થના મૂળ (-રૂપ સંસાર)ના મૂળનો
જ્ઞાનીઓએ ઉચ્છેદ કર્યો છે. ૩૮

न शान्तिं लभते मूढो यतः शमितुमिच्छति ।
धीरस्तत्त्वं विनिश्चित्य सर्वदा शान्तमानसः ॥ १८-३९॥

મૂઢ મનુષ્ય શાંત બનવા ઇચ્છે છે, તેથી જ શાંતિ પામતો

નથી. ધીર પુરુષ તત્ત્વનો નિશ્ચય કરીને સર્વદા શાંત ચિત્તવાળો જ રહેછે. ૩૯

क्वात्मनो दर्शनं तस्य यद् दृष्टमवलम्बते ।
धीरास्तं तं न पश्यन्ति पश्यन्त्यात्मानमव्ययम् ॥ १८-४० ॥

(બાહ્ય) દૃશ્ય પદાર્થોનું અવલંબન કરતો હોય તે (મૂઢ) ને
આત્માનું દર્શન કયાંથી થાય? પણ ધીર પુરુષ તે દૃશ્ય પદાર્થને
જોતા નથી (તેથી) અવ્યય આત્માને જાએ છે. ૪૦

क्व निरोधो विमूढस्य यो निर्बन्धं करोति वै ।
स्वारामस्यैव धीरस्य सर्वदासावकृत्रिमः ॥ १८-४१ ॥

જે હઠથી પ્રયત્ન કરે છે, તે મૂઢ પુરુષને (ચિત્તનો)
નિરોધ કયાંથી થાય? આત્મામાં વિશ્રાંતિ લેનાર ધીર પુરુષને જ
એ (નિરોધ) સર્વદા અને અકૃત્રિમ (સહજ) હોય છે. ૪૧

भावस्य भावकः कश्चिन् न किंचिद् भावकोपरः ।
उभयाभावकः कश्चिद् एवमेव निराकुलः ॥ १८-४२ ॥

કોઈ ભાવરૂપ(પ્રપંચ) ને સત્ય માનવાવાળો છે, તો બીજો કોઈ
કશું જ નથી એમ માનવાવાળો છે. કોઈ એ બંને (અર્થાત્ ભાવ
અને અભાવ) ને નહિ માનવાવાળો જેની તે સ્થિતિમાં શાંત રહે છે. ૪૨

शुद्धमद्वयमात्मानं भावयन्ति कुबुद्धयः ।
न तु जानन्ति संमोहाद्यावज्जीवमनिर्वृताः ॥ १८-४३ ॥

દુર્બુદ્ધિ પુરુષો શુદ્ધ અને અદ્વિતીય આત્માની ભાવના
કરે છે; પરંતુ મોહને લીધે જાણતા નથી. આથી જ સારાયે જીવન
ભર તેઓ સુખરહિત રહે છે. ૪૩

मुमुक्षोर्बुद्धिरालम्बमन्तरेण न विद्यते ।
निरालम्बैव निष्कामा बुद्धिर्मुक्तस्य सर्वदा ॥ १८-४४ ॥

મુમુક્ષુની બુદ્ધિ (સાંસારિક વિષયના) આલંબન વિના
રહી શકતી નથી. મુક્તની બુદ્ધિ સર્વદા નિષ્કામ અને આલંબન-
રહિત જ હોય છે. ૪૪

विषयद्वीपिनो वीक्ष्य चकिताः शरणार्थिनः ।
विशन्ति झटिति क्रोडं निरोधैकाग्रसिद्धये ॥ १८-४५ ॥

વિષયોરૂપ હાથીઓને જોઇને ગભરાયેલા અને શરણને
ઇચ્છતા (મૂઢો) ચિત્તના નિરોધ અને એકાગ્રતાની સિદ્ધિને માટે
જલ્દીથી પર્વતની ગુફામાં પ્રવેશ કરે છે. ૪૫

निर्वासनं हरिं दृष्ट्वा तूष्णीं विषयदन्तिनः ।
पलायन्ते न शक्तास्ते सेवन्ते कृतचाटवः ॥ १८-४६ ॥

વાસનારહિત (પુરુષરૂપી) સિંહને જોઇને વિષયોરૂપ હાથીઓ
છાનામાના ભાગી જાય છે અને અસમર્થ અને ક્રિયામાં આસક્ત
રહેનારા તે (મૂઢો) તે વાસનારહિત પુરુષની સેવા કરે છે. ૪૬

न मुक्तिकारिकां धत्ते निःशङ्को युक्तमानसः ।
पश्यन् शृण्वन् स्पृशन् जिघ्रन्नश्नन्नास्ते यथासुखम् ॥ १८-४७ ॥

નિઃશંક અને સ્થિર મનવાળો મનુષ્ય મોક્ષને માટેની
ક્રિયાઓ (સાધનાઓ) ને ધારણ કરતો નથી, પણ જોતો, સાંભળતો;
સ્પર્શતો, સૂંઘતો, ખાતો સુખપૂર્વક રહે છે. ૪૭

वस्तुश्रवणमात्रेण शुद्धबुद्धिर्निराकुलः ।
नैवाचारमनाचारमौदास्यं वा प्रपश्यति ॥ १८-४८ ॥

યથાર્થ વસ્તુના શ્રવણમાત્રથી જ શુદ્ધ બનેલી બુદ્ધિવાળો
અને સ્વસ્થ મનુષ્ય કર્મ, વિકર્મ કે ઉદાસીનતા (અકર્મ) જોતો નથી. ૪૮

यदा यत्कर्तुमायाति तदा तत्कुरुते ऋजुः ।
शुभं वाप्यशुभं वापि तस्य चेष्टा हि बालवत् ॥ १८-४९ ॥

શુભ કે અશુભ જ્યારે જે કરવાનું આવે તે એ સરળ
મનુષ્ય કરે છે; કારણ કે તેની ચેષ્ટા બાળક જેવી છે. ૪૯

स्वातंत्र्यात्सुखमाप्नोति स्वातंत्र्याल्लभते परम् ।
स्वातंत्र्यान्निर्वृतिं गच्छेत्स्वातंत्र्यात् परमं पदम् ॥ १८-५० ॥

સ્વતંત્રતાથી (જ્ઞાની) સુખને પામે છે, સ્વતંત્રતાથી પર-
(બ્રહ્મ)ને મેળવે છે, સ્વતંત્રતાથી પરમસુખને પ્રાપ્ત કરે છે,
સ્વતંત્રતાથી પરમપદની પ્રાપ્તિ થાય છે. ૫૦

अकर्तृत्वमभोक्तृत्वं स्वात्मनो मन्यते यदा ।
तदा क्षीणा भवन्त्येव समस्ताश्चित्तवृत्तयः ॥ १८-५१ ॥

જયારે (મનુષ્ય) પોતાના આત્માને અકર્તા અને
અભોકતા માને છે, ત્યારે બધી ચિત્તવૃત્તિઓ ક્ષીણ બને છે. ૫૧

उच्छृंखलाप्यकृतिका स्थितिर्धीरस्य राजते ।
न तु सस्पृहचित्तस्य शान्तिर्मूढस्य कृत्रिमा ॥ १८-५२॥

ધીર પુરુષની, ઉચ્છૃંખલ હોય તોપણ સ્વાભાવિક સ્થિતિ શોભે
છે; પરંતુ સ્પૃહાયુકત ચિત્તવાળા મૂઢની શાંતિ કૃત્રિમ હોઇ શોભતી નથી.૫૨

विलसन्ति महाभोगैर्विशन्ति गिरिगह्वरान् ।
निरस्तकल्पना धीरा अबद्धा मुक्तबुद्धयः ॥ १८-५३॥

જેઓએ કલ્પનાનો ત્યાગ કર્યો છે, જેઓ બંધનરહિત છે
અને જેઓની બુદ્ધિ મુકત છે, એવા ધીર પુરુષો મોટા ભોગો
ભોગવે છે અને પર્વતની ગુફાઓમાં પણ પ્રવેશ કરે છે. ૫૩

श्रोत्रियं देवतां तीर्थमङ्गनां भूपतिं प्रियम् ।
दृष्ट्वा सम्पूज्य धीरस्य न कापि हृदि वासना ॥ १८-५४॥

પંડિત, દેવતા, તીર્થ, સ્ત્રી; રાજ અને પ્રિયજનને કોઈને
સન્માન કરતા ધીર પુરુષના હૃદયમાં કોઈ વાસના હોતી નથી. ૫૪

भृत्यैः पुत्रैः कलत्रैश्च दौहित्रैश्चापि गोत्रजैः ।
विहस्य धिक्कृतो योगी न याति विकृतिं मनाक् ॥ १८-५५॥

નોકરો, પુત્રો, પત્નીઓ, છોકરીના છોકરાઓ અને સગાં-
ઓથી મશ્કરી કરાઈને ધિક્કાર પામ્યા છતાં યોગી જરા પણ વિકાર
(ક્રોધ કે ગ્લાનિ)ને પામતો નથી. ૫૫

सन्तुष्टोऽपि न सन्तुष्टः खिन्नोऽपि न च खिद्यते ।
तस्याश्चर्यदशां तां तां तादृशा एव जानते ॥ १८-५६॥

ધીર પુરુષ સંતુષ્ટ છે છતાં સંતુષ્ટ નથી, અને ખિન્ન હોય
છતાં ખેદ પામતો નથી. તેની એવી આશ્ચર્યભરી અવસ્થા તો
તેના જેવા જ જાણે. ૫૬

कर्तव्यतैव संसारो न तां पश्यन्ति सूरयः ।
शून्याकारा निराकारा निर्विकारा निरामयाः ॥ १८-५७॥

કરવાપણું એ જ સંસાર છે. તેને શૂન્યાકાર, આકારરહિત,

વિકારરહિત અને દુઃખરહિત જ્ઞાનીઓ જોતા નથી. ૫૭

अकुर्वन्नपि सङ्क्षोभाद् व्यग्रः सर्वत्र मूढधीः ।
कुर्वन्नपि तु कृत्यानि कुशलो हि निराकुलः ॥ १८-५८॥

મૂઢબુદ્ધિવાળો ન કરતો છતાં પણ ક્ષોભને લઈને બધે વ્યાકુળ છે, પરંતુ કુશળ પુરુષ કર્મો કરતો છતાં આકુળ થતો નથી. ૫૮

सुखमास्ते सुखं शेते सुखमायाति याति च ।
सुखं वक्ति सुखं भुंक्ते व्यवहारेऽपि शान्तधीः ॥ १८-५९॥

શાંત બુદ્ધિવાળો વ્યવહારમાં પણ સુખે બેસે છે. સૂખે સુએ છે, સુખે આવે - જાય છે સુખે બોલે છે અને સુખે ખાય છે ૫૯

स्वभावाद्यस्य नैवार्तिर्लोकवद् व्यवहारिणः ।
महाहृद इवाक्षोभ्यो गतक्लेशः सुशोभते ॥ १८-६०॥

લોકની જેમ વ્યવહાર કરનાર (હોવા છતાં) જેને સ્વભાવથી જ દુઃખ થતું નથી તે (મનુષ્ય) મોટાં સરોવરની જેમ ક્ષોભરહિત ક્લેશરહિત હોઈ શોભે છે. ૬૦

निवृत्तिरपि मूढस्य प्रवृत्तिरुपजायते ।
प्रवृत्तिरपि धीरस्य निवृत्तिफलभागिनी ॥ १८-६१॥

મૂઢની નિવૃત્તિ પણ પ્રવૃત્તિ જ બને છે, જ્યારે ધીર પુરુષની પ્રવૃત્તિ પણ નિવૃત્તિનું ફળ આપે છે. ૬૧

परिग्रहेषु वैराग्यं प्रायो मूढस्य दृश्यते ।
देहे विगलिताशस्य क्व रागः क्व विरागता ॥ १८-६२॥

(ગૃહ, સ્ત્રી આદિ) પરિગ્રહોમાં વૈરાગ્ય તો વિશેષ કરીને મૂઢનો જ દેખાય છે. દેહમાંથી જેની આશા ક્ષીણ થઈ ગઈ તેવાને રાગ શાનો અને વૈરાગ્ય શાનો ? ૬૨

भावनाभावनासक्ता दृष्टिर्मूढस्य सर्वदा ।
भाव्यभावनया सा तु स्वस्थस्यादृष्टिरूपिणी ॥ १८-६३॥

મૂઢની દૃષ્ટિ સર્વદા ભાવના અને અભાવનામાં લાગેલી રહે છે; પરંતુ શાંત મનુષ્યની તે (દૃષ્ટિ) દૃશ્યની ભાવના કરવા છતાં અદૃષ્ટિરૂપ જ રહે છે. ૬૩

सर्वारम्भेषु निष्कामो यश्चरेद् बालवन् मुनिः ।
न लेपस्तस्य शुद्धस्य क्रियमाणेऽपि कर्मणि ॥ १८-६४॥

જે મુનિ સર્વ આરંભોમાં (ક્રિયાઓમાં) બાળકની જેમ
નિષ્કામપણે વર્તે છે, તે શુદ્ધ (મુનિ)ને કરાતાં કર્મોમાં પણ લેપ
થતો નથી. ૬૪

स एव धन्य आत्मज्ञः सर्वभावेषु यः समः ।
पश्यन् शृण्वन् स्पृशन् जिघ्रन् अश्नन्निस्तर्षमानसः ॥ १८-६५॥

તે જ આત્મજ્ઞાની ધન્ય છે કે જે સર્વ ભૂતોમાં સમાન
છે અને જે જોતો સાંભળતો સ્પર્શતો સૂંઘતો અને ખાતો છતાં
તૃષ્ણારહિત મનવાળો છે. ૬૫

क्व संसारः क्व चाभासः क्व साध्यं क्व च साधनम् ।
आकाशस्येव धीरस्य निर्विकल्पस्य सर्वदा ॥ १८-६६ ॥

હમેશ આકાશની જેમ સંકલ્પરહિત ધીર પુરુષને સંસાર
અને આભાસ કયાં, સાધ્ય કયાં અને સાધન કયાં? ૬૬

स जयत्यर्थसंन्यासी पूर्णस्वरसविग्रहः ।
अकृत्रिमोऽनवच्छिन्ने समाधिर्यस्य वर्तते ॥ १८-६७॥

તે કર્મફળનો ત્યાગ કરવાવાળો અને પૂર્ણ આનંદસ્વરૂપ-
મય (મહાત્મા) જય પામે છે કે જેની અવચ્છેદરહિત બ્રહ્મમાં
અકૃત્રિમ સહજ સમાધિ હોય છે. ૬૭

बहुनात्र किमुक्तेन ज्ञाततत्त्वो महाशयः ।
भोगमोक्षनिराकाङ्क्षी सदा सर्वत्र नीरसः ॥ १८-६८॥

અહીં વધુ કહીને શો ફાયદો? જેણે તત્વને જાણ્યું છે
તેવો મહાત્મા ભોગ અને મોક્ષ બંને પ્રત્યે નિસ્પૃહ અને હમેશ
બધે રસહીન હોય છે. ૬૮

महदादि जगद्द्वैतं नाममात्रविजृम्भितम् ।
विहाय शुद्धबोधस्य किं कृत्यमवशिष्यते ॥ १८-६९॥

મહત્તત્વથી શરૂ થયેલું આ જગત દ્વૈત નામ માત્રથી જ
થયું છે, (તેની કલ્પના) છોડયા પછી શુદ્ધ જ્ઞાનરૂપ

બનેલા મનુષ્યનું શું કર્મ બાકી રહે છે? ૬૯

भ्रमभूतमिदं सर्वं किंचिन्नास्तीति निश्चयी ।
अलक्ष्यस्फुरणः शुद्धः स्वभावेनैव शाम्यति ॥ १८-७० ॥

આ બધું (જગત) ભ્રમરૂપ હોઈ કાંઈ જ નથી એવા
નિશ્ચયવાળો અને અલક્ષ્ય (બ્રહ્મ)નુ જેને સ્ફુરણ થયું છે તેવો
શુધ્ધ પુરુષ સ્વભાવ વડે જ શાંત બની જાય છે. ૭૦

शुद्धस्फुरणरूपस्य दृश्यभावमपश्यतः ।
क्व विधिः क्व च वैराग्यं क्व त्यागः क्व शमोऽपि वा ॥ १८-७१ ॥

શુધ્ધ (આત્મ-) સ્ફુરણરૂપ અને દૃશ્યભાવને ન જોનારને
વિધિ શી અને વૈરાગ્ય શો; ત્યાગ શો અને શમ શો? ૭૧

स्फुरतोऽनन्तरूपेण प्रकृतिं च न पश्यतः ।
क्व बन्धः क्व च वा मोक्षः क्व हर्षः क्व विषादिता ॥ १८-७२ ॥

અનન્તરૂપે સ્ફુરતા અને પ્રકૃતિને ન જોતા યોગીને
બંધ શો અને મોક્ષ શો, હર્ષ શો અને વિષાદ શો? ૭૨

बुद्धिपर्यन्तसंसारे मायामात्रं विवर्तते ।
निर्ममो निरहंकारो निष्कामः शोभते बुधः ॥ १८-७३ ॥

બુધ્ધિ પર્યન્ત સંસારમાં માયા માત્ર જ ભાસે છે. મમતા-
રહિત અહંકારહિત અને નિષ્કામ જ્ઞાની શોભે છે. ૭૩

अक्षयं गतसन्तापमात्मानं पश्यतो मुनेः ।
क्व विद्या च क्व वा विश्वं क्व देहोऽहं ममेति वा ॥ १८-७४ ॥

આત્માને અવિનાશી અને સંતાપરહિત જોનારા મુનિને
વિદ્યા શી આને વિશ્વ શું ? દેહ શો અથવા અહંતા-મમતા શી ? ૭૪

निरोधादीनि कर्माणि जहाति जडधीर्यदि ।
मनोरथान् प्रलापांश्च कर्तुमाप्नोत्यतत्क्षणात् ॥ १८-७५ ॥

જો જડબુધ્ધિવાળો નિરોધ ઈત્યાદિ કર્મોને છોડી દે છે તો
તે ક્ષણથી જ મનોરથો અને પ્રલાપ કરવાનો આરંભ કરે છે ૭૫

मन्दः श्रुत्वापि तद्वस्तु न जहाति विमूढताम् ।
निर्विकल्पो बहिर्यत्नादन्तर्विषयलालसः ॥ १८-७६ ॥

મૂઢ એ (પરમ) વસ્તુને સાંભળીને પણ મૂઢતા છોડતો
નથી; (પરંતુ) બહારથી પ્રયત્ને કરી નિર્વિકલ્પ બનેલો હોવા
છતાં અંદર વિષયવાસનાવાળો રહે છે. ૭૬

ज्ञानाद् गलितकर्मा यो लोकदृष्ट्यापि कर्मकृत् ।
नाप्नोत्यवसरं कर्तुं वक्तुमेव न किंचन ॥ १८-७७॥

જે જ્ઞાન વડે ક્ષીણ બનેલા કર્મવાળો છે અને માત્ર લોક-
દૃષ્ટિથી કર્મ કરનારો લાગે છે, તેને કાંઈ પણ કરવાનો કે બોલવાનો
અવસર જ પ્રાપ્ત થતો નથી. ૭૭

क्व तमः क्व प्रकाशो वा हानं क्व च न किंचन ।
निर्विकारस्य धीरस्य निरातंकस्य सर्वदा ॥ १८-७८॥

હંમેશ નિર્વિકાર અને નિર્ભય ધીર પુરુષ માટે અંધકાર ક્યાં
છે અથવા પ્રકાશ ક્યાં છે, અને હાનિ પણ ક્યાં છે? કાંઈ જ નથી. ૭૮

क्व धैर्यं क्व विवेकित्वं क्व निरातंकतापि वा ।
अनिर्वाच्यस्वभावस्य निःस्वभावस्य योगिनः ॥ १८-७९॥

અનિર્વચનીય સ્વભાવાળા અને નિઃસ્વભાવ યોગીને ધૈર્ય
ક્યાં અને વિવેક ક્યાં અને નિર્ભયતા પણ ક્યાં ? ૭૯

न स्वर्गो नैव नरको जीवन्मुक्तिर्न चैव हि ।
बहुनात्र किमुक्तेन योगदृष्ट्या न किंचन ॥ १८-८०॥

સ્વર્ગ પણ નથી અને નરક પણ નથી; તેમ જ જીવન્મુક્તિ પણ
નહિ. અહીં વધુ કહીને શું કામ? યોગદૃષ્ટિથી તો કશું જ નથી.

नैव प्रार्थयते लाभं नालाभेनानुशोचति ।
धीरस्य शीतलं चित्तममृतेनैव पूरितम् ॥ १८-८१॥

ધીર પુરુષનું અમૃત વડે પૂર્ણ અને શીતળ ચિત્ત લાભની
ઈચ્છા રાખતું નથી, તેમ જ હાનિથી શોકાતુર પણ થતું નથી. ૮૧

न शान्तं स्तौति निष्कामो न दुष्टमपि निन्दति ।
समदुःखसुखस्तृप्तः किंचित् कृत्यं न पश्यति ॥ १८-८२॥

સુખ અને દુઃખમાં સમાન, સંતોષી અને નિષ્કામ પુરુષ

શાંત (જ્ઞાની)ને વખાણતો નથી; તેમ જ દુષ્ટની નિંદા પણ
કરતો નથી અને કાંઇ કર્તવ્ય પણ જોતો નથી. ૮૨

धीरो न द्वेष्टि संसारमात्मानं न दिदृक्षति ।
हर्षामर्षविनिर्मुक्तो न मृतो न च जीवति ॥ १८-८३॥

ધીર પુરુ સંસારનો દ્વેષ કરતો નથી; તેમ જ આત્માને
જોવાની ઇચ્છા પણ રાખતો નથી. (પરંતુ) હર્ષ અને દોષથી
રહિત હોઇને તે મરેલો નથી અને જીવતો પણ નથી. ૮૩

निःस्नेहः पुत्रदारादौ निष्कामो विषयेषु च ।
निश्चिन्तः स्वशरीरेऽपि निराशः शोभते बुधः ॥ १८-८४॥

પુત્ર, સ્ત્રી આદિમાં સ્નેહરહિત, વિષયો પ્રત્યે નિષ્કામ અને
પોતાના. શરીર પ્રત્યે પણ નિશ્ચિંત અને નિરાશ જ્ઞાની શોભે છે. ૮૪

तुष्टिः सर्वत्र धीरस्य यथापतितवर्तिनः ।
स्वच्छन्दं चरतो देशान् यत्रस्तमितशायिनः ॥ १८-८५॥

યથાપ્રાપ્ત વર્તન કરતા, સ્વેચ્છાનુસાર દેશોમાં વિચરતા અને
જ્યાં (સૂર્ય) આથમે ત્યાં સૂતા ધીર પુરુષને બધેય સંતોષ છે. ૮૫

पततूदेतु वा देहो नास्य चिन्ता महात्मनः ।
स्वभावभूमिविश्रान्तिविस्मृताशेषसंसृतेः ॥ १८-८६ ॥

પોતાના સ્વભાવરૂપી સ્થાનમાં વિશ્રાંતિ લેવાને લીધે જેને
સમસ્ત સંસાર ભુલાઇ ગયો છે, . એવા મહાત્માને દેહ પડો કે
પ્રાપ્ત થાઓ તેની ચિંતા હોતી નથી. ૮૬

अकिंचनः कामचारो निर्द्वन्द्वश्छिन्नसंशयः ।
असक्तः सर्वभावेषु केवलो रमते बुधः ॥ १८-८७॥

જેની પાસે કશું પણ નથી, જે ઇચ્છાનુસાર વિચરે છે, જે
નિર્દ્વન્દ્વ છે, જેના સંશય નાશ પામ્યા છે, જે સર્વભાવોમાં અસક્ત
છે અને જે કેવળ છે એવો જ્ઞાની રમણ કરે છે. ૮૭

निर्ममः शोभते धीरः समलोष्टाश्मकाञ्चनः ।
सुभिन्नहृदयग्रन्थिर्विनिर्धूतरजस्तमः ॥ १८-८८॥

મમત્વરહિત, માટીનાં ઢેફાં, પથ્થર અને સોનાને સમ ગણનાર,

હૃદયની ગાંઠો જેની સદંતર તૂટી ગઇ છે તેવો અને જેણે રજોગુણ અને તમોગુણને તદ્દન દૂર કર્યા છે તેવો ધીર પુરુષ શોભે છે. ૮૮

सर्वत्रानवधानस्य न किंचिद् वासना हृदि ।
मुक्तात्मनो वितृप्तस्य तुलना केन जायते ॥ १८-८९॥

સર્વત્ર અનાસક્ત રહેનારના હૃદયમાં કશી જ વાસના હોતી નથી. મુક્તાત્મા અને સંતુષ્ટ મનુષ્યની તુલના કોનો સાથે થાય? ૮૯

जानन्नपि न जानाति पश्यन्नपि न पश्यति ।
ब्रुवन्न् अपि न च ब्रूते कोऽन्यो निर्वासनादृते ॥ १८-९०॥

વાસનારહિત પુરૂષ સિવાય બીજો કોણ જાણતો હોવા છતાં જાણતો નથી; જોતો હોવા છતાં જોતો નથી અને બોલતો હોવા છતાં બોલતો નથી ? ૯૦

भिक्षुर्वा भूपतिर्वापि यो निष्कामः स शोभते ।
भावेषु गलिता यस्य शोभनाशोभना मतिः ॥ १८-९१॥

વસ્તુઓમાંથી જેની સારી નરસી ભાવના દૂર થઈ છે અને જે નિષ્કામ છે, તે ભિખારી હોય કે રાજા હોય તોપણ શોભે છે. ૯૧

क्व स्वाच्छन्द्यं क्व संकोचः क्व वा तत्त्वविनिश्चयः ।
निर्व्याजार्जवभूतस्य चरितार्थस्य योगिनः ॥ १८-९२॥

નિષ્કપટ, સરળ અને કૃતાર્થ યોગીને સ્વચ્છંદતા ક્યાં અથવા સંકોચ કયાં અથવા તત્ત્વનો નિશ્ચય પણ ક્યાં ? ૯૨

आत्मविश्रान्तितृप्तेन निराशेन गतार्तिना ।
अन्तर्यदनुभूयेत तत् कथं कस्य कथ्यते ॥ १८-९३॥

આત્મામાં વિશ્રાંતિ થવાથી સંતુષ્ટ બનેલા, નિઃસ્પૃહ અને દુઃખરહિત પુરુષ વડે જે અંદર અનુભવાતું હોય તે કેવી રીતે કોને કહી શકાય? ૯૩

सुप्तोऽपि न सुषुप्तौ च स्वप्नेऽपि शयितो न च ।
जागरेऽपि न जागर्ति धीरस्तृप्तः पदे पदे ॥ १८-९४॥

ધીર પુરુષ સૂતો છતાં સુષુપ્તિમાં નથી, સ્વપ્નમાં છતાં સૂતેલો નથી, જાગતો છતાં જાગૃતિમાં નથી, (પરંતુ). દરેક ક્ષણે

સંતુષ્ટ રહે છે. ૯૪

ज्ञः सचिन्तोऽपि निश्चिन्तः सेन्द्रियोऽपि निरिन्द्रियः ।
सुबुद्धिरपि निर्बुद्धिः साहंकारोऽनहङ्कृतिः ॥ १८-९५॥

જ્ઞાની ચિંતા સહિત છતાં ચિંતારહિત છે. ઇન્દ્રિયોથી યુક્ત છતાં ઇન્દ્રિયરહિત છે, બુદ્ધિથી યુકત છતાં બુદ્ધિરહિત છે, અહંકાર સહિત છતાં અહંકારરહિત છે. ૯૫

न सुखी न च वा दुःखी न विरक्तो न संगवान् ।
न मुमुक्षुर्न वा मुक्ता न किंचिन्न च किंचन ॥ १८-९६॥

જ્ઞાની સુખી નથી તેમ દુઃખી પણ નથી, વિરકત નથી તેમ આસક્ત નથી, મુમુક્ષુ નથી તેમ મુક્ત પણ નથી, કંઈ જ નથી તેમ જ કાંઈ નથી. ૯૬

विक्षेपेऽपि न विक्षिप्तः समाधौ न समाधिमान् ।
जाड्येऽपि न जडो धन्यः पाण्डित्येऽपि न पण्डितः ॥ १८-९७॥

ધન્ય પુરુષ વિક્ષેપમાં પણ વિક્ષિપ્ત નથી, સમાધિમાં પણ સમાધિવાળો નથી, મૂઢતામાં પણ મૂઢ નથી. અને પંડિતાઈમાં પણ પંડિત નથી. ૯૭

मुक्तो यथास्थितिस्वस्थः कृतकर्तव्यनिर्वृतः ।
समः सर्वत्र वैतृष्ण्यान्न स्मरत्यकृतं कृतम् ॥ १८-९८॥

મુક્ત પુરુષ જેવી હોય તેવી સ્થિતિમાં શાંત છે અને કૃતકૃત્ય હોઈ સુખી છે; તેમ જ સર્વત્ર સમ હોઈ તૃષ્ણારહિત પણા ને લીધે કરેલું કે ન કરેલું સંભારતો નથી. ૯૮

न प्रीयते वन्द्यमानो निन्द्यमानो न कुप्यति ।
नैवोद्विजति मरणे जीवने नाभिनन्दति ॥ १८-९९॥

જ્ઞાની કોઈથી વંદિત થતાં ખુશ થતો નથી; તેમ જ નિંદિત થતાં ચિડાતો નથી. મરણથી ઉદ્વેગ પામતો નથી, તેમ જ જીવનથી હર્ષ પામતો નથી. ૯૯

न धावति जनाकीर्णं नारण्यं उपशान्तधीः ।
यथातथा यत्रतत्र सम एवावतिष्ठते ॥ १८-१००॥

શાંત બુદ્ધિવાળો લોકોથી વ્યાપ્ત દેશમાં પણ જતો નથી;
તેમ જ જંગલમાં પણ ભાગતો નથી. જે હોય તે સ્થિતિમાં અને
જ્યાં હોય ત્યાં તે સમભાવથી રહે છે. ૧૦૦

## પ્રકરણ ૧૯ - આત્મવિશ્રાન્તિપ્રકરણ

जनक उवाच ॥
तत्त्वविज्ञानसन्दंशमादाय हृदयोदरात् ।
नाविधपरामर्शशल्योद्धारः कृतो मया ॥ १९-१॥

જનકે કહ્યું : તત્ત્વજ્ઞાનરૂપી માણસો લઈને હૃદયના અંદરના
ભાગમાંથી અનેક પ્રકારના સ્પર્શરૂપી કાંટાઓ મારા વડે ખેંચી
કઢાયા છે. ૧

क्व धर्मः क्व च वा कामः क्व चार्थः क्व विवेकिता ।
क्व द्वैतं क्व च वाऽद्वैतं स्वमहिम्नि स्थितस्य मे ॥ १९-२॥

પોતાના મહિમામાં સ્થિત બનેલા મારા માટે ધર્મ
ક્યાં, કામ ક્યાં, અર્થ ક્યાં, વિવેક ક્યાં, દ્વૈત ક્યાં અને અદ્વૈત
પણ ક્યાં? ૨

क्व भूतं क्व भविष्यद् वा वर्तमानमपि क्व वा ।
क्व देशः क्व च वा नित्यं स्वमहिम्नि स्थितस्य मे ॥ १९-३॥

પોતાના મહિમામાં સ્થિત બનેલા મારે માટે ભૂતકાળ ક્યાં
છે અને ભવિષ્ય ક્યાં છે અને વર્તમાન પણ ક્યાં છે, તેમ જ
દેશ પણ ક્યાં છે? તેમ જ (આ બધી દેશકાલાત્મક અનિત્યતાથી
ભિન્ન) નિત્યતા પણ ક્યાં છે? ૩

क्व चात्मा क्व च वानात्मा क्व शुभं क्वाशुभं यथा ।
क्व चिन्ता क्व च वाचिन्ता स्वमहिम्नि स्थितस्य मे ॥ १९-४॥

પોતાના મહિમામાં સ્થિત બનેલા મારે માટે આત્મા ક્યાં
અને અનાત્મા ક્યાં, શુભ ક્યાં અને અશુભ ક્યાં, ચિન્તા ક્યાં
અને ચિન્તારહિતપણું ક્યાં? ૪

क्व स्वप्नः क्व सुषुप्तिर्वा क्व च जागरणं तथा ।

क्व तुरीयं भयं वापि स्वमहिम्नि स्थितस्य मे ॥ १९-५॥

પોતાના મહિમામાં સ્થિત બનેલા મારે માટે સ્વપ્ન ક્યાં
અથવા સુષુપ્તિ કયાં અને વળી જાગ્રત અવસ્થા પણ ક્યાં, તેમજ
તુરીય અવસ્થા પણ કયાં અને ભય પણ કયાં? ૫

क्व दूरं क्व समीपं वा बाह्यं क्वाभ्यन्तरं क्व वा ।
क्व स्थूलं क्व च वा सूक्ष्मं स्वमहिम्नि स्थितस्य मे ॥ १९-६॥

પોતાના મહિમામાં સ્થિત બનેલા મારે માટે દૂર શું
અને નજીક શું, બાહ્ય શું અને અંદરનું શું, સ્થૂળ શું અથવા
સૂક્ષ્મ શું ? ૬

क्व मृत्युर्जीवितं वा क्व लोकाः क्वास्य क्व लौकिकम् ।
क्व लयः क्व समाधिर्वा स्वमहिम्नि स्थितस्य मे ॥ १९-७॥

પોતાના મહિમામાં સ્થિત બનેલા મારે માટે મૃત્યુ કેવું
અને જીવન કેવું., લોકો કેવા અને લૌકિક (વ્યવહાર) કેવો, લય
કેવો અથવા સમાધિ કેવી? ૭

अलं त्रिवर्गकथया योगस्य कथयाप्यलम् ।
अलं विज्ञानकथया विश्रान्तस्य ममात्मनि ॥ १९-८॥

હું આત્મામાં વિશ્રાંત પામેલો હોઇ (ધર્માર્થકામરૂપ)
ત્રિવર્ગની વાત બસ થઈ અને યોગની વાત પણ બસ થઈ તેમ
જ વિજ્ઞાનની વાત પણ બસ થઈ. ૮

## પ્રકરણ ૨૦ - જીવન્મુક્તિપ્રકરણ

जनक उवाच ॥
क्व भूतानि क्व देहो वा क्वेन्द्रियाणि क्व वा मनः ।
क्व शून्यं क्व च नैराश्यं मत्स्वरूपे निरंजने ॥ २०-१॥

જનકે કહ્યું : મારું સ્વરૂપ નિરંજન (નિર્મળ) હોઇ
(પંચમહા-) ભૂતો કયાં અને દેહ કયાં, ઇંદ્રિયો કયાં અને
કયાં, શૂન્ય કશાં અને નિરાશા કયાં? ૧

क्व शास्त्रं क्वात्मविज्ञानं क्व वा निर्विषयं मनः ।

क्व तृप्तिः क्व वितृष्णात्वं गतद्वन्द्वस्य मे सदा ॥ २०-२॥

હમેશ દ્વન્દ્વરહિત એવા મારે માટે શાસ્ત્ર કેવું, આત્મજ્ઞાન કેવું અથવા વિષયરહિત મન કેવું, તૃપ્તિ કેવી અથવા તૃષ્ણા-રહિતપણું કેવું ? ૨

क्व विद्या क्व च वाविद्या क्वाहं क्वेदं मम क्व वा ।
क्व बन्ध क्व च वा मोक्षः स्वरूपस्य क्व रूपिता ॥ २०-३॥

વિદ્યા કેવી અને અવિદ્યા કેવી "હું" કેવો અને આ કેવું અને મારું કેવું, બન્ધ કેવો અને મોક્ષ કેવો (તેમ જ) સ્વરૂપ-પણું પણ કેવું? ૩

क्व प्रारब्धानि कर्माणि जीवन्मुक्तिरपि क्व वा ।
क्व तद् विदेहकैवल्यं निर्विशेषस्य सर्वदा ॥ २०-४॥

હમેશ વિશેષરહિત,(સમભાવવાળા)ને પ્રારબ્ધ કર્મો ક્યાં અથવા જીવન્મુક્તિ પણ કયાં (અને) વિદેહમુક્તિ પણ કયાં? ૪

क्व कर्ता क्व च वा भोक्ता निष्क्रियं स्फुरणं क्व वा ।
क्वापरोक्षं फलं वा क्व निःस्वभावस्य मे सदा ॥ २०-५॥

હમેશ સ્વભાવરહિત બનેલા મારે માટે કર્તા કેવો અને વળી ભોકતા કેવો, તેમ જ નિષ્ક્રિયતા અથવા સ્ફુરણ પણ કેવું અને પ્રત્યક્ષ ફળ પણ કેવું? ૫

क्व लोकं क्व मुमुक्षुर्वा क्व योगी ज्ञानवान् क्व वा ।
क्व बद्धः क्व च वा मुक्तः स्वस्वरूपेऽहमद्वये ॥ २०-६॥

'અહં' રૂપ (મારારૂપ) અદ્વય સ્વસ્વરૂપમાં લોક કયાંથી અને મુમુક્ષુ કયાં, યોગી કયાં અને જ્ઞાની કયાં, બંધાયેલો ક્યાં અને મુકત કયાં? ૬

क्व सृष्टिः क्व च संहारः क्व साध्यं क्व च साधनम् ।
क्व साधकः क्व सिद्धिर्वा स्वस्वरूपेऽहमद्वये ॥ २०-७॥

'અહં' (મારા) રૂપ અદ્વય સ્વસ્વરૂપમાં સૃષ્ટિ કેવી અને સંહાર કેવો, સાધ્ય કેવું અને સાધન કેવું. સાધક કેવો અને સિદ્ધિ કેવી ? ૭

क्व प्रमाता प्रमाणं वा क्व प्रमेयं क्व च प्रमा ।
क्व किंचित् क्व न किंचिद् वा सर्वदा विमलस्य मे ॥ २०-८॥

હમેશ નિર્મલ એવા મારે માટે પ્રમાતા કેવો અથવા
પ્રમાણ કેવું, પ્રમેય કેવું અને પ્રમા કેવી, કશું પણ કેવું અને
કશું નહિ પણ કેવું ? ૮

क्व विक्षेपः क्व चैकाग्र्यं क्व निर्बोधः क्व मूढता ।
क्व हर्षः क्व विषादो वा सर्वदा निष्क्रियस्य मे ॥ २०-९॥

હમેશ નિષ્ક્રિય એવા મારે માટે વિક્ષેપ કેવો અને એકાગ્રતા
કેવી, જ્ઞાન કેવું (અને) મુક્તિ કેવી, હર્ષ કેવો અથવા શોક
કેવો ? ૯

क्व चैष व्यवहारो वा क्व च सा परमार्थता ।
क्व सुखं क्व च वा दुखं निर्विमर्शस्य मे सदा ॥ २०-१०॥

હમેશ વિચારરહિત એવા મારે માટે આ વ્યવહાર કેવો
અને એ પરમાર્થતા કેવી, સુખ કેવું અને દુઃખ કેવું? ૧૦

क्व माया क्व च संसारः क्व प्रीतिर्विरतिः क्व वा ।
क्व जीवः क्व च तद्ब्रह्म सर्वदा विमलस्य मे ॥ २०-११॥

હમેશ નિર્મલ એવા મારે માટે માયા ક્યાં અને સંસાર
ક્યાં, પ્રીતિ ક્યાં અને અપ્રીતિ ક્યાં, જીવ ક્યાં અને એ બ્રહ્મ
ક્યાં? ૧૧

क्व प्रवृत्तिर्निर्वृत्तिर्वा क्व मुक्तिः क्व च बन्धनम् ।
कूटस्थनिर्विभागस्य स्वस्थस्य मम सर्वदा ॥ २०-१२॥

હમેશ પર્વતની જેમ અચલ, વિભાગરહિત અને સ્વસ્થ
એવા મારે માટે પ્રવૃત્તિ શી અથવા નિવૃત્તિ શી, મુક્તિ શી અને
બંધન શું ? ૧૨

क्वोपदेशः क्व वा शास्त्रं क्व शिष्यः क्व च वा गुरुः ।
क्व चास्ति पुरुषार्थो वा निरुपाधेः शिवस्य मे ॥ २०-१३॥

ઉપાધિરહિત અને કલ્યાણરૂપ એવા મારે માટે ઉપદેશ
ક્યાં અને શાસ્ત્ર ક્યાં, શિષ્ય ક્યાં અને ગુરુ ક્યાં, અને વળી

પુરષાર્થ મોક્ષ પણ કયાં છે? ૧૩

क चास्ति क च वा नास्ति कास्ति चैकं क च द्वयम् ।
बहुनात्र किमुक्तेन किंचिन्नोत्तिष्ठते मम ॥ २०-१४॥

છે પણ કેવું અને નથી પણ કેવું? એકત્વ પણ ક્યાં છે
અને દ્વૈત પણ કયાં છે? અહીં વધુ કહીને શું? મારે માટે તો કાંઈ
પણ છે જ નહિ. ૧૪

## પ્રકરણ ૨૧ - સઙ્ખ્યાક્રમવિજ્ઞાનપ્રકરણ

विंशतिश्चोपदेशे स्युः श्लोकाश्च पञ्चविंशतिः ।
सत्यात्मानुभवोल्लासे उपदेशे चतुर्द्दश ॥ १ ॥

હવે ગ્રન્થકર્તાએ આ પ્રકરણ માં ગ્રન્થની શ્લોક સંખ્યા અને વિષયો દેખાડ્યા છે. ગુરૂઉપદેશ નામનાં પ્રથમ પ્રકરણમાં ૨૦ શ્લોકો છે. શિષ્યાનુભવ નામનાં દ્વિતીય પ્રકરણમાં ૨૫ શ્લોકો છે અને ત્રીજા પ્રકરણમાં ૧૪ શ્લોકો છે. ૧

षडुल्लासे लये चैवोपदेशे च चतुश्चतुः ।
पञ्चकं स्यादनुभवे बन्धमोक्षे चतुष्ककम् ॥ २ ॥

શિષ્યાનુભવ નામનાં ચોથા પ્રકરણમાં ૬ શ્લોકો છે. લય નામનાં પાંચમાં પ્રકરણમાં ૪ શ્લોકો છે. ગુરૂઉપદેશ નામનાં છઠ્ઠા પ્રકરણમાં ૪ શ્લોકો છે. શિષ્યાનુભવ નામનાં સાતમાં પ્રકરણમાં ૫ શ્લોકો છે. બન્ધમોક્ષ નામનાં આઠમાં પ્રકરણ માં ૪ શ્લોકો છે. ૨

निर्वेदोपशमे ज्ञाने एवमेवाष्टकं भवेत् ।
यथासुखसप्तकं च शांतौस्याद्वेदसंमितम् ॥ ३ ॥

નિર્વેદ નામનાં નવમાં પ્રકરણમાં ૮ શ્લોકો છે. ઉપશમ નામનાં દશમાં પ્રકરણમાં ૮ શ્લોકો છે. જ્ઞાનાષ્ટક નામનાં અગિયારમાં પ્રકરણમાં ૮ શ્લોકો છે. એવમેવાષ્ટક નામનાં બારમાં પ્રકરણમાં ૮ શ્લોકો છે. યથાસુખનામનાં તેરમાં પ્રકરણમાં ૭ શ્લોકો છે. શાન્તિચતુષ્ક નામનાં ચૌદમાં પ્રકરણમાં ૪ શ્લોકો છે. ૩

तत्त्वोपदेशे विंशच्च दश ज्ञानोपदेशके ।
तत्त्वस्वरूपे विंशच्च शमे च शतकंभवेत् ॥ ४ ॥

તત્વોપદેશ નામનાં પંદરમાં પ્રકરણમાં ૨૦ શ્લોકો છે. જ્ઞાનોપદેશ નામનાં સોળમાં પ્રકરણમાં ૧૦ શ્લોકો છે. તત્ત્વસ્વરૂપ નામનાં સત્તરમાં પ્રકરણમાં ૨૦ શ્લોકો છે. શમ નામનાં અઢારમાં ૧૦૦ શ્લોકો છે. ૪

अष्टकं चात्मविश्रान्तौ जीवन्मुक्तौ चतुर्दश ।
षट् संख्याक्रमविज्ञाने ग्रन्थैकात्म्यं ततः परम् ॥ ५ ॥

विंशकमितैः खण्डैः श्लोकैरात्माग्निमध्यखैः ।
अवधूतानुभूतेश्च श्लोकाःसङ्ख्याक्रमा अमी ॥ ६ ॥

આત્મવિશ્રાન્તિ નામનાં ઓગણીશમાં પ્રકરણમાં ૮ શ્લોકો છે. જીવનમુક્તિ નામનાં વીસમાં પ્રકરણમાં ૧૪ શ્લોકો છે. અને એકવીસમાં પ્રકરણમાં ૬ શ્લોકો છે. આ પ્રમાણે, સમ્પૂર્ણ ગ્રન્થમાં એકવીશ પ્રકરણો અને કુલ ૩૦૩ શ્લોકો છે. આ પ્રમાણે, અવધૂતના અનુભવરૂપ જે અષ્ટાવક્રગીતા છે તેનો ક્રમ દર્શાવ્યો છે. આમ તો બધા મળીને કુલ ૩૦૩ શ્લોકો છે, પરન્તુ દશમપુરુષની જેમ આ શ્લોક પોતાને ગણીને બીજા બધાં શ્લોકોની ગણના કરી છે. ૫-૬

॥ ॐ तत्सत् ॥
॥ ૐ તત્સત્ ॥

*AshtavakraGitaGuj*

pdf was typeset on September 18, 2019

Please send corrections to *sanskrit@cheerful.com*